Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 Web: www.saurashtrakranti.com
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

Year:8, Issue: 82 Dt.18-01-2023 (Wednesday)
સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-360001

# ઈશાન ભારતના ૩ રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓનો કાર્યક્રમ જાહેર

## ત્રિપુરામાં ૧૬ ફેબ્રુઆરી તથા નાગાલેન્ડ તથા મેઘાલયમાં ૨૭ ફેબ્રુઆરીએ મતદાન | ત્રણેય રાજ્યોનું પરિણામ બીજી માર્ચે જાહેર કરાશેઃ ચૂંટણીપંચની જાહેરાત




(એજન્સી સમાચાર)
નવી દિલ્હી, તા.૧૮
ઈશાન ભારતના ૩ રાજ્યો ત્રિપુરા, નાગાલેન્ડ અને મેઘાલય વિધાનસભાની ચૂંટણીઓનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. ચૂંટણીપંચે આજે જાહેરાત કરી હતી કે, ત્રિપુરામાં ૧૬ ફેબ્રુઆરીના રોજ અને નાગાલેન્ડ તથા મેઘાલયમાં ૨૭ ફેબ્રુઆરીના રોજ મતદાન થશે. તા.બીજી માર્ચે ત્રણેય રાજ્યોના પરિણામો જાહેર કરવામાં આવશે. આ વર્ષે કુલ ૯ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી થવાની છે.

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે આજે ખાસ પત્રકાર પરિષદમાં ત્રણેય રાજ્યોનો ચૂંટણી કાર્યક્રમ જાહેર કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ત્રણેય રાજ્યો નાગાલેન્ડ, મેઘાલય અને ત્રિપુરા વિધાનસભાઓની મુદ્દત અનુક્રમે તા.૧૨ માર્ચ, તા.૧૫ માર્ચ અને તા.૨૨ માર્ચે પૂરી થઇ રહી છે. કોઈપણ મતદાર મત આપવાથી પાછળ રહી ન જાય એ માટે કોઈ કચાસ રાખવામાં નહીં આવે.

તેમણે જણાવ્યું હતું કે, ત્રણેય રાજ્યોમાં કુલ ૬૨.૮ લાખ મતદારો એમના મતાધિકારનો ઉપયોગ કરશે. જેમાં કુલ ૩૧.૪૭ લાખ મહિલા મતદારો છે. ૮૦ વર્ષથી વધુ વયના ૯૭ હજાર મતદારો છે. ત્રણેય રાજ્યોમાં ૧.૭૬ લાખ નવા મતદારો પહેલી વખત મતદાન કરશે. ત્રણ રાજ્યોના કુલ ૩૭૬ મતમથકોનું સંચાલન માત્ર મહિલા કર્મચારીઓ કરશે.

મુખ્ય ચૂંટણી કમિશનરે ઉમેર્યું હતું કે, મતદાનની તારીખ પહેલા જેમની વય ૧૮ વર્ષ થઇ જાય એવા યુવાનોને વેલકમ કીટ આપવામાં આવશે. આવા ૧૦ હજાર યુવાનોના નામની નોંધણી થઇ ગઈ છે. ૩ રાજ્યોમાં કુલ ૨.૨૮ લાખ નવા મતદારો નોંધાયા છે.(૨.૧૨)




# રાજકોટમાં વૃધ્ધ પર હુમલો કરી હથિયારની લૂંટ



(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ) રાજકોટ: શહેરના લક્ષ્મીનગર નાલા પાસે આવેલ ભક્તિનગર રેલ્વે સ્ટેશન નજીક કબુતરને ચણ નાખવા ગયેલા વૃધ્ધને કોઈ અજાણ્યા શખ્સે મારમારી લાયસન્સવાળા હથિયારની લૂંટ કરી નાશી ગયાની ઘટના પ્રકાશમાં આવતા ચકચાર મચી જવા પામી છે. બનાવના પગલે એ.ડિવિઝન પોલીસ કાફલો દોડી ગયા હતા પરંતુ રેલ્વે પોલીસની હદમાં બનાવ બન્યો હોવાથી રેલ્વે પોલીસે તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ શહેરના મવડી પ્લોટ વિસ્તારમાં રહેતા સવજીભાઈ ડાંગર (ઉ.૬૨) નામના આહીર વૃધ્ધ આજે સવારે તેના નીત્યક્રમ મુજબ ભક્તિનગર રેલ્વે સ્ટેશન પાસે લક્ષ્મનગરના નાલા નજીક કબુતરને ચણ નાખવા ગયા હતા. ત્યારે કોઈ અજાણ્યા ઈસમે તેના પર હુમલો કરી તેની પાસે રહેલ લાયસન્સવાળી રીવોલ્વરની લૂંટ કરી નાશી જતા ઘવાયેલા વૃધ્ધને ખાનગી હોસ્પિટલમાં સારવારમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવના પગલે રેલવે પોલીસને જાણ કરવામાં આવતા પીઆઈ એસ.આર.પટેલ સહિતનો સ્ટાફ હોસ્પિટલ ખાતે દોડી જઈ પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.

# ગુજરાત ઓલિમ્પિક યજમાન બનવા સજ્જ

## એથ્લેટ વિલેજ ૫૦૦ એકરમાં આકાર પામશે, જમીનની ફાળવણી શરૂ



(એજન્સી સમાચાર)
ગાંધીનગર, તા.૧૮
ઓલિમ્પિકના યજમાન બનવા માટે મજબુત દાવો રજુ કરવા ગુજરાત સરકાર સજ્જ થઇ ગઈ છે. ૨૦૩૬ નો ઓલિમ્પિક મેળાવડો યોજવાનું બહુમાન ગુજરાતને પ્રાપ્ત થાય એ માટે અત્યારથી જોરદાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ખાસ આંતરરાષ્ટ્રીય કક્ષાનું એથ્લેટ ઓલિમ્પિક વિલેજ ૫૦૦ એકર જમીન પર સાકાર થશે. એ માટે જમીન ફાળવણીની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. રમતવીરો અને સ્પોર્ટીંગ સ્ટાફ માટે એથ્લેટ વિલેજમાં તમામ અતિઆધુનિક સાધન સુવિધાઓ રાખવામાં આવશે.

રાજ્ય સરકારના સૂત્રોએ જણાવ્યા મુજબ ઓલિમ્પિકની રમતો માટે સરદાર પટેલ સ્પોટ્ર્સ કોમ્પ્લેક્ષ છે. હવે રમતવીરો, કોચ વગેરે માટે વિલેજ ઉભું કરવામાં આવશે. એ માટે સાબરમતી તથા આસપાસની જમીનો આપવામાં આવશે. જીઆઈડીસીની ૭૦- ૭૦ એકર જમીન ફાળવવામાં આવશે. ઉપરાંત નર્મદા નિગમની ૬૫ એકર જમીન, ૨૩૫ એકરનો સરકારી ખરાબો તથા કોર્પોરેશનની જમીન પર અપાશે.

ખેલકૂદ વિભાગના સૂત્રોએ કહ્યું હતું કે, સરદાર પટેલ સ્પોટ્ર્સ કોમ્પ્લેક્ષને અડીને જ એથ્લેટ વિલેજ બનાવાશે. જેમાં રમતવીરો અને સ્પોર્ટીંગ સ્ટાફ રોકાશે. જેમાં તમામ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ હશે. ઓલિમ્પિકના માપદંડ મુજબ ડીઝાઈન અને સુવિધાઓ માટે આંતરરાષ્ટ્રીય કન્સલ્ટન્ટની નિમણૂંક પણ કરવામાં આવી રહી છે.

તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ખાસ બેઠક યોજીને તૈયારીઓની

(અનુ.પાના નં.૪ ઉપર)

# નેશનલ હાઈ-વે પર સરકારી જમીન પર દબાણ હટાવવા કેન્દ્ર સજ્જ

## ક્યાં કેટલા દબાણ છે તેની દરેક જિલ્લા કલેકટર તંત્ર પાસેથી વિગતો મંગાવતો હાઈ-વે મંત્રાલય



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮
કેન્દ્ર સરકારનાં માર્ગ મંત્રીનાં કાર્યાલય દ્વારા રાજકોટ-અમદાવાદ, રાજકોટ-પોરબંદર, રાજકોટ- મોરબી અને રાજકોટ-જામનગર અને રાજકોટ-ભાવનગર વચ્ચે નેશનલ હાઇ-વેની સરકારી જમીન ઉપર ગેરકાયદેસર ખડકી દીધેલા દબાણ મુદે વહીવટી તંત્ર પાસે વિગતો માંગતા વહીવટી તંત્ર દ્વારા હાઇ-વે પરનાં સરકારી જમીનનાં દબાણ મામલે આ વિગતો માંગવામાં આવી હોવાનુ જીલ્લા વહીવટી તંત્રનાં ટોચનાં સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ જીલ્લાની સરહદને જોડતા હાલમાં અમદાવાદ, ભાવનગર, મોરબી, જામનગર, પોરબંદર હાઇ-વેને ફોર લેન તથા સીકસ લેન કરવાની કામગીરી ચાલી રહી છે. નેશનલ હાઇ-વેને સીકસ લેન તથા ફોર લેન બનાવવા માટે આવા ગેરકાયદેસર દબાણો ખુબજ નડતરરૂપ

(અનુ.પાના નં.૪ ઉપર)

# રાજ્યમાં આવતીકાલથી ઠંડીમાં આંશિક રાહત મળશે



(એજન્સી સમાચાર)
અમદાવાદ,તા.૧૮
છેલ્લા બે ત્રણ દિવસથી ગુજરાતમાં ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે જેના કારણે ગુજરાતવાસીઓ ઠૂંઠવાયા છે જોકે હવામાન વિભાગે કરેલી આગાહી પ્રમાણે આ ઠંડીથી આંશિક રાહત મળશે. તાપમાનનો પારો ઉંચકાતા આકરી ઠંડીનું જોર ઘટશે. હવામાન વિભાગના ડાયરેકટર મનોરમા મોહંતીએ જણાવ્યું હતું કે તાપમાનના આશરે ૩ ડિગ્રી જેટલો વધારો થશે જેના કારણે થોડી રાહત થશે.

જોકે છેલ્લા બે ત્રણ દિવસથી મોડી રાત્ર અને વહેલી સવારે ફૂંકાતા ઠંડા પવનોને કારણે જનજીવન ખોરવાઈ ગયું હતું. નાના શહેરોમાં સાંજથી જ જાણે સન્નાટો ફેલાઈ જતો હતો અને રસ્તા ઉપર અવર જવર ઓછી થઈ ગઈ હતી. ઠંડીના ચમકારાને કારણે લોકોની અવરજવર બંધ થતા રસ્તા પણ સૂમસામ જોવા મળ્યા હતા. કેટલાક શહેરોમાં વાલીઓએ બાળકોની શાળાનો સમય બદલવા માટે પણ માંગણી કરી હતી.

રાજયમાં ગત રાત્રિએ નોંધાયેલું તાપમાન જોઇતો બનાસકાંઠા ૭.૩, પાટણમાં ૯.૫, ગાંધીનગરમાં ૧૦, રાજકોટ ૧૦.૭ ડિગ્રી તાપમાન, અમદાવાદમાં ૧૧.૩

(અનુ.પાના નં.૪ ઉપર)

# ઉત્તર ભારતમાં ભયાનક ઠંડીઃ દિલ્હી-પંજાબમાં રેડએલર્ટ

## હજુ તા.૨૫ સુધીમાં હાડ થીજાવતું કોલ્ડવેવ ફરી વળવાની આગાહી, જનજીવન ઠપ્પ



(એજન્સી સમાચાર)
નવી દિલ્હી, તા.૧૮
ઉત્તર ભારત અને રાજધાની દિલ્હી સતત ઠંડીની લપેટમાં છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર ૨૧ થી ૨૫ જાન્યુઆરીની વચ્ચે એક સક્રિય વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ઉત્તર-પશ્ચિમ ભારતને અસર કરે તેવી શક્યતા છે. જેના કારણે પશ્ચિમ હિમાલય વિસ્તારમાં ૨૧મીએ વહેલી સવારે વરસાદ અને હિમવર્ષાની પ્રક્રિયા ચાલુ રહેશે. ૨૩ અને ૨૫ જાન્યુઆરી સુધીમાં તે વધુ તીવ્ર થવાની ધારણા છે.હવામાન વિભાગે અનેક રાજ્યોમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે.

દેશમાં સતત વધી રહેલી ઠંડી વચ્ચે ૨૩ અને ૨૫ જાન્યુઆરીએ પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને ઉત્તર રાજસ્થાન સહિત ઉત્તર-પશ્ચિમ ભારતના મેદાની વિસ્તારોમાં વરસાદની સંભાવના છે. આ સાથે ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા ઠંડા પવનોને કારણે લોકોની મુશ્કેલીમાં વધારો થશે. જોકે આનાથી લોકોને પ્રદૂષણ અને સૂકી ઠંડીથી રાહત મળશે.

(અનુ.પાના નં.૪ ઉપર)






# કાઠિયાવાડમાં કારોબારી : સોમ-મંગળ પ્રદેશ ભાજપના દિગ્ગજો સુરેન્દ્રનગરમાં કરશે મહામંથન





**મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ, પ્રદેશ પ્રમુખ પાટીલ રહેશે ઉપસ્થિત : પૂર્વ તૈયારીઓ માટે સૂરસાગર ડેરી ખાતે બેઠક મળી : ૬૫૦ થી વધુ નેતાઓ ઝાલાવાડનાં મહેમાન બનશે**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૮

આગામી તા.૨૩ અને ૨૪ સોમ-મંગળવારે પ્રદેશ ભાજપની કારોબારી સુરેન્દ્રનગર ખાતે યોજાનાર છે. આ કારોબારીમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ, પ્રદેશ પ્રમુખ પાટીલની ઉપસ્થિતમાં ભાજપના દિગ્ગજ નેતાઓ મહામંથન કરનાર હોવાનું જાણવા મળેલ છે.

પૂર્વ તૈયારીઓ માટે સૂરસાગર ડેરી ખાતે બેઠક મળી હતી આ કારોબારી બેઠકમાં ૬૫૦ થી વધુ નેતાઓ ઝાલાવાડના મહેમાન બનનાર હોવાનું જાણવા મળેલ છે.

ભાજપની પ્રદેશ કારોબારી પ્રથમવાર સુરેન્દ્રનગરમાં મુખ્યમંત્રી, ગુજરાત પ્રદેશ પ્રમુખ સહિત ૬૫૦ થી વધુ ભાજપના નેતાઓ સુરેન્દ્રનગર શહેરના મહેમાન બનશે.

સુરેન્દ્રનગર શહેરમાં સૌ પ્રથમવાર કારોબારીનું આયોજન થવા જઈ રહ્યું છે. તા.૨૩ અને ૨૪ના રોજ યોજાનાર કારોબારીના આયોજન માટે મંગળવારે સુરસાગર ડેરી ખાતે બેઠકનું આયોજન કરાયું હતું. પ્રદેશ કારોબારી મહાનગરોમાં જ યોજાતી હોય છે.ત્યારે સૌ પ્રથમવાર ભાજપની પ્રદેશ કારોબારીની બેઠકનું આયોજન સુરેન્દ્રનગર શહેરમાં તા.૨૩ અને ૨૪ જાન્યુઆરીના રોજ થશે. આ પ્રદેશ કારોબારીની બેઠકના આયોજન માટે ગત મંગળવારે સુરેન્દ્રનગરની સુરસાગર ડેરી ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં પ્રદેશ મહામંત્રી પ્રદીપસિંહ વાઘેલા, કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા, વઢવાણના ધારાસભ્ય જગદીશભાઈ મકવાણા, ધારાસભ્ય કાર્યક્રમો રજૂ કરાશે. કિરીટસિંહ રાણા, પ્રકાશભાઈ ચૌહાણ, પ્રદેશ ઉપાધ્યક્ષ વર્ષાબેન દોશી, જિલ્લા ભાજપના મહામંત્રીઓ હીતેન્દ્રસિંહ ચૌહાણ, જયેશભાઈ પટેલ, ધીરૂભાઈ સીંધવ, સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા. જાન્યુઆરીમાં પ્રદેશની કારોબારીની બેઠક યોજાશે. આથી વરમોરા,પી.કે.પટેલ, શામજીભાઈ શહેરમાં ભવ્યાતી ભવ્ય રોશની કરશે. ૨ દિવસ થીમ કરવામાં આવશે.આ ઉપરાંત ઠેરઠેર બેનરો લગાવવામાં આવશે. જયારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ સહિત ૬૫૦ થી વધુ ભાજપના મોટા આ પ્રદેશ કારોબારીને લઈને નેતાઓ બે દિવસ સુરેન્દ્રનગરમાં રોકાશે.મહેમાનોને ઝાલાવાડી ભોજન પીરસવામાં આવશે. શીયાળાના સમયમાં યોજાતી પ્રદેશ કારોબારીમાં મહેમાનોને ખાસ કરીને ઝાલાવાડી ભોજન રોટલો, રીંગણાનો ઓળો, લીલા ચણાનું શાક સહિતની વાનગીઓ પીરસવામાં આવનાર છે.

**કેન્દ્રના નેતાઓ પણ ભાગ લેશે**

સુરેન્દ્રનગરમાં સૌ પ્રથમવાર યોજાતી પ્રદેશ કારોબારીમાં કેન્દ્રના મંત્રીઓ પણ હાજર રહેનાર છે. જેમાં કેન્દ્રીયના મંત્રીઓ સમક્ષ ઝાલાવાડની ભાતીગળ સંસ્કૃતીને લગતા સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવશે. ઝાલાવાડના મુખ્ય મથકના મહેમાન બનતા ભાજપના નેતાઓ સુરેન્દ્રનગરના કાર્યકરોને ત્યાં બે-બે દિવસ રોકાણ કરશે તેમ જાણવા મળી રહ્યું છે.

# લબ્ધ પ્રતિષ્ઠિત ચિત્રકાર સ્વ.સનત ઠાકરની ચિરંજીવ કૃતિઓનું પ્રદર્શન આજથી ખુલ્લુ મુકાશે







**વી.વી.પી.કોલેજ ખાતે કાલથી રવિવાર સાંજે ૩ થી ૭ સુધી નિહાળી શકાશે**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૮

ચિત્રકારીના ક્ષેત્રમાં વૈશ્વિક ફલક પર રાજકોટનું નામ રોશન કરનાર, નૈશર્ગીક પ્રતિભા અને સંવેદનશીલ ઉર્મિઓના સ્વામી એવા રાજકોટનાં સુવિખ્યાત ચિત્રકાર સ્વ.સનત ઠાકરની ચુનીંદી ઉત્કૃષ્ઠ કૃતિઓના પ્રદર્શન ‘ઈમ્પ્રેશન’નું આયોજન વી.વી.પી. સંચાલિત ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કીટેકચર દ્વારા ‘કાર્યશાળા’ના સહયોગ થકી કરવામાં આવેલ આવેલ છે,જેનું ઉદ્‌ઘાટન આજે સાંજે ૬ કલાકે રમાદેવી સનતભાઈ ઠાકરના કરકમલો હસ્તે કરવામાં આવનાર છે.

તા.૧૯ ને ગુરૂવારથી તા.૨૨ ને રવિવાર સાંજે ૩ થી ૭ કલાક દરમ્યાન યોજાનાર પ્રસ્તુત પ્રદર્શનએ કલા ક્ષેત્રના જન સામાન્યમાં ભારે ઉત્કંઠા જગાવેલ છે.

વર્ષ ૧૯૧૭ માં જોડીયા ખાતે જન્મેલા સનત ઠાકર એ પિતાજી,બહેન તથા કાકા પાસેથી કલા વિશ્વની પ્રેરણા પ્રાપ્ત કરી લેમ્બ્રેન્ટ, ટર્નર તથા મઝુમદાર જેવા મહાન કલાકારોના પ્રભાવ હેઠળ સને.૧૯૩૬ થી ૧૯૩૮ દરમ્યાન કરાચી ખાતે પ્રબુધ્ધ કલાકાર સ્વ.એમ.ડી.ત્રિવેદી પાસેથી પોટ્રેઈટ તથા લેન્ડસ્કેપનું પ્રશિક્ષણ મેળવેલ હતું. ભાગલા બાદ સર જે.જે.સ્કૂલ ઓફ આર્ટસ (મુંબઈ) માંથી ‘ડિપ્લોમા ઈન પેઈન્ટીંગ’ની પદવી પ્રાપ્ત કરી,રાજકોટમાં સ્થાયી થઈને કલાની શૈલીઓ, પ્રવાહો તેમજ પ્રવિધિઓના અભ્યાસ તેમજ પ્રદર્શનો, વાર્તાલાપો,કલા-પ્રવાસો, સ્લાઈડ-શોઝ તથા કલા-વર્ગો થકી કલા-જાગૃતિ અર્થે અવિરતપણે આજીવન સક્રિય રહેલ હતા.

સ્વ. સનત ઠાકરને ‘બોમ્બે આર્ટ સોસાયટી’, ‘ઓલ ઈન્ડિયા મૈસોર દસેરા આર્ટ એકિઝબિશન’, ‘ઈન્ડીયન રેલ્વે આર્ટ એકિઝબિશન’, ‘લલિતકલા એકેડેમી ગુજરાત’, ‘મહા કૌશલ કલા પરીષદ-રાઈપુર’,તથા ‘ઓલ ઈન્ડિયા ફાઈન આર્ટસ એન્ડ ક્રાફ્ટસ સોસાયટી-ન્યુ દિલ્હી’ દ્વારા વિવિધ એવોર્ડઝથી સમ્માનિત કરવામાં આવેલ હતા.

પચાસ કરતા વધુ વર્ષની સુદિર્ઘ કલાયાત્રા દરમ્યાન રાષ્ટ્રભરમાં અનેક ‘વન મેન શો’ તથા ‘સમૂહ પ્રદશન’માં ભાગ લેનાર તથા કલાકારોની એક આખી પેઢીને પ્રશિક્ષિત કરનાર અતુલ્ય કલાકાર સ્વ. ઠાકરની કલાકૃતિઓ ‘એર ઇન્ડિયા’, તાજ મહાલ હોટેલ,ટાટા ઇન્સ્ટીટયુટ ઓફ ફન્ડામેન્ટલ રીસર્ચ, નેશનલ ગેલેરી ઓફ મોર્ડન આર્ટ, ઇન્ડિયન રેલ્વે, વિગેરે નામાંકિત સંસ્થાઓ તથા પ્રાઈવેટ કલેકસનમાં સંગ્રહિત છે.

મેઘાવી પ્રતિભાના સ્વામી સ્વ.સનત ઠાકરની કૃતિઓના પ્રદર્શનને માણવા સંસ્થાના આચાર્ય આર્કી. દેવાંગ પારેખ તથા કાર્યશાળાના સંચાલક જયેશ શુકલ અને આર્કી. ગૌરવ વાઢેરએ જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ પાઠવેલ છે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાનાં મેનેજીંગ ટ્રસ્ટી લલીતભાઈ મહેતા તથા ટ્રસ્ટીગણ કૌશિકભાઈ શુકલ, ડો.સંજીવભાઈ ઓઝા,હર્ષલભાઈ મણીઆર, ડો.નરેન્દ્રભાઈ દવેનાં વડપણ તથા ઈપ્સાના નિયામક આર્કી. કિશોરભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ સંસ્થાના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓ જહેમત ઉઠાવી રહેલ છે.

# ઈચ્છામૃત્યુના નિયમોમાં સુધારા કરવા સુપ્રિમ કોર્ટ તૈયાર

**મરણપથારીએ રહેલી વ્યકિતના ઈચ્છામૃત્યુ પર સર્વોચ્ચ અદાલતનો સ્પષ્ટ સુર**

નવી દિલ્હી તા.૧૮

સુપ્રિમ કોર્ટે એક અરજી પર સુનાવણી કરતા જણાવ્યું હતું કે, સૌને સન્માનથી મરવાનો અધિકાર છે. સુપ્રિમ કોર્ટે માન્યુ હતું કે, ઈચ્છા મૃત્યુથી સારવાર બંધ કરવાની પ્રક્રિયા ખૂબ જ જટીલ છે. જેમાં સુધારાની જરૂર છે. તેમ છતા સુધારા કરવામાં સતર્ક રહેવુ જરૂરી છે. ઈચ્છા મૃત્યુને લઈને પોતાનો ઐતિહાસિક ફેસલો સંભાળાવ્યા બાદ સુપ્રિમ કોર્ટે ૨૦૧૮ માં આપેલા નિર્દેશોમાં સંશોધન-સુધારા કરવાને લઈને સહમતી આપી છે.

જે લોકો ગંભીર રીતે બીમાર છે અને લીવીંગ વીલ બનાવી ચૂકયા છે. તેમને સન્માનજનક મરવાનો અધિકાર છે. તેમને કાનુની પેચમાં ન ફસાવવા જોઈએ અને મેડીકલ એકસપટર્સે પણ આ મામલામાં જાણકારી લેવી જોઈએ. કોર્ટે જણાવ્યું હતું કે જો કોઈ પોતાની સારવાર બંધ કરાવવા માગે તો તેને મંજૂરી આપવાનો પણ નિયમ હોવો જોઈએ. જસ્ટીસ કે.એમ.જોસેફની અધ્યક્ષતાવાળી બેન્ચે કહ્યું હતું કે, કોર્ટે મૃત્યુના અધિકારને પણ મૌલીક અધિકાર બતાવ્યો હતો. હવે તેને પેચીદો ન બનાવવો જોઈએ. આ બેન્ચમાં જસ્ટીસ અજય રસ્તોગી, અનિરૂધ્ધ બાંસ, ઋષિકેશ રોય અને જસ્ટીસ રવિકુમાર સામેલ હતા.બેન્ચે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૮ માં બનાવવામાં આવેલ ઈચ્છા મૃત્યુને લઈને નિયમોમાં સુધારાની જરૂર છે.પરંતુ આ દિશા નિર્દેશ બોઝીલ છે તેમાં સુધારાની જરૂર છે. જોકે એ પણ સાવધાની રાખવી જોઈએ કે તેનો ખોટો ઉપયોગ ન થાય.

# અમૃત સરોવરોના નિર્માણકાર્યોની સમીક્ષા કરતા કલેકટર અરૂણ મહેશ બાબુ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૮

ભારત સરકારના નેશનલ વોટર કન્ઝર્વેશન મિશન વિભાગ દ્વારા ‘જલ શકિત અભિયાન-કેચ ધ રેઇન’ કાર્યક્રમ અંતર્ગત રાજકોટ જિલ્લામાં નવા અમૃત સરોવરોના નિર્માણ,હયાત અમૃત સરોવરોનું સમારકામ, તથા તેમના નવીનીકરણ અને બ્યુટીફીકેશન વગેરે કાર્યોની સમીક્ષા કરવા અંગેની બેઠક કલેકટર અરૂણ મહેશ બાબુના અધ્યક્ષ સ્થાને યોજાઇ હતી.

કલેકટર કચેરી ખાતે યોજાયેલી આ બેઠકમાં અમૃત સરોવરોની કામગીરી ઝડપથી પૂર્ણ કરવાની સૂચના કલેકટરએ સંબંધિત વિભાગોના અધિકારીઓને આપી હતી.રાજકોટ જિલ્લામાં ૭૫ અમૃત સરોવર પૈકી ૨૦ સરોવર તૈયાર થઇ ચૂકયા છે.જયારે ૫૫ જેટલા સરોવરોના કામો પ્રગતિ હેઠળ છે. આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે રાજયભરના તમામ જિલ્લાઓમાં ૭૫ અમૃત સરોવર બની રહ્યા છે.આ સરોવરોના નિર્માણથી વરસાદી પાણીનો સંગ્રહ થશે.ભુગર્ભ જળ ઉંચા આવશે અને સહેલાણીઓને સુંદર પર્યટન સ્થળ પ્રાપ્ત થશે. આ તકે જીલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સહિતના સંબધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ પોલીસમાં ફરજ બજાવતા રાજવીર મકવાણાએ કરાટે વર્લ્ડ કપમાં સિલ્વર કરાટે વર્લ્ડ કપમાં સિલ્વર અને બ્રોન્ઝ મેળવ્યો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૮

રાજકોટ પોલીસમાં ફરજ બજાવતા રાજવીર મકવાણાએ રાજકોટ જ નહીં પરંતુ ગુજરાત પોલીસનું નામ રોશન કર્યું છે.

ગત તા. ૧૭-૧૮ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ કલકતા ઇસ્ટર્ન રેલ્વે સપોર્ટ સ્ટેડિયમ ખાતે કેડબ્લ્યુસીના પ્રેસિડેન્ટ કાંચો બુધ નારાયણ યાદવ દ્વારા આયોજીત કરાટે વર્લ્ડ કપમાં ઇન્ડિયા, ભૂટાન, નેપાળ, બાંગ્લાદેશ, શ્રીલંકા, અફઘાનિસ્તાન સહિતના દેશોએ ભાગ લીધો હતો. જેમાં રાજવીર મકવાણાએ પણ ભાગ લીધો હતો અને જોમ જુસ્સાપૂર્વક પ્રદર્શન કરી સિલ્વર અને બ્રોન્ઝ એમ બે મેડલ મેળવી રાજકોટ પોલીસનું નામ રોશન કર્યું છે.

રાજવીર મકવાણાએ અગાઉ કિક બોકસીંગ માર્સલ આર્ટ કરાટે જેવી નેશનલ ચેમ્પિયનમાં ભાગ લઈ અનેક એવોર્ડ મેળવ્યા છે. જેની ડિજિપી આશિષ ભાટિયાએ પણ સન્માન કરી નોંધ લીધી છે.

આગામી દિવસોમાં રાજવીર બાંગ્લાદેશમાં યોજાનાર નેશનલ માર્શલ આર્ટ ચેમ્પિયનશિપમાં પણ પાર્ટીશિપેટ થશે.

# ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે જે.પી.નડ્ડાના કાર્યકાળને જૂન-૨૦૨૪ સુધી લંબાવાયોઃ નિર્ણયને આવકારી અભિનંદન પાઠવતા મિરાણી









**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૧૮

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરએ ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે જે.પી. નડ્ડાના કાર્યકાળને આગામી જૂન-૨૦૨૪ સુધી લંબાવવાના નિર્ણયને આવકારી જે.પી. નડ્ડાને અભિનંદન પાઠવતા જણાવેલ કે, વિશ્વમાં સૌથી વધુ સભ્યસંખ્યા ધરાવતી ભારતીય જનતા પાર્ટી એ કાર્યકર્તા આધારીત પાર્ટી છે ત્યારે ભાજપ પાસે નિષ્ઠાવાન અને સમર્પિત કાર્યકર્તાઓની ફૌજ છે ત્યારે જે.પી.નડ્ડાના નેતૃત્વમાં પાર્ટીએ અનેક રાજયોમાં યોજાયેલી ચૂંટણીઓમાં ભવ્ય વિજય હાંસલ કર્યો છે અને નડ્ડાના નેતૃત્વમાં પાર્ટીએ તેનો વ્યાપ અને પહોંચ વધારી છે, સમગ્ર દેશમાં નરેન્દ્રભાઈ મોદીની લોકપ્રિયતા વધારવામાં જે.પી. નડ્ડાનું ઘણું યોગદાન રહેલું છે ત્યારે આગામી લોકસભા-૨૦૨૪ની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને જે.પી. નડ્ડાના સંગઠનાત્મક નેતૃત્વમાં જંગી લીડથી ભવ્ય જીત પ્રાપ્ત કરશે તેવો દ્રઢ આશાવાદ વ્યકત કરતા શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કીશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરએ અભિનંદન પાઠવ્યા હતા.

# ઓલ ઇન્ડિયા સિવિલ સર્વિસ દ્વારા આયોજીત ટુર્નામેન્ટ યોજાઇ




પોરબંદર, તા.૧૮

ઓલ ઇન્ડિયા સિવિલ સર્વિસ આયોજીત, ગ્રીકો શૈલી કુસ્તી ટુર્નામેન્ટ જે ચંદીગઢ ખાતે યોજાઇ ગયેલ હતી. જેમાં રાષ્ટ્રીય તાલુકા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ રાણાવાવના મહામંત્રી અને ખારાવિરા નેસ પ્રાથમિક શાળાના શિક્ષક કે જેમને અગાઉ સી.આર.સી. ખંભાળા ખાતે પણ સી.આર.સી. કો.ઓ. ઓર્ડીનેટર તરીકે ફરજ બજાવેલ છે. તેવા મનહરસિંહ કાળુસિંહ ડાભીએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી, ૮૭ કિલો વર્ગ **free style wrestling tournament** માં સમગ્ર દેશમાં ત્રીજા નંબરે આવી બ્રોન્ઝ મેડલ મેળવેલ છે.

ઓલ ઇન્ડિયા લેવલની આ હરીફાઈમાં જવલંત સફળતા મેળવતાં રાષ્ટ્રીય પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ પોરબંદરના અધ્યક્ષ લાખાભાઈ ચુંડાવદરા, મહામંત્રી વેજાભાઇ કોડિયાતર, સંગઠન મંત્રી મયુરસિંહ રાઠોડ અને સમગ્ર પોરબંદર જિલ્લાના શિક્ષકોએ મનહરસિંહને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે. (૧૩)

# ‘આપ’ દ્વારા કાર્યકારી પ્રમુખ અને જીલ્લા સંગઠન નિર્માણ માટે પ્રભારીની કરાઇ નિયુક્તિ

અમદાવાદ, તા.૧૮

આમ આદમી પાર્ટી દ્વારા સૌરાષ્ટ્ર પૂર્વ ઝોનના કાર્યકારી પ્રમુખ તરીકે રાજુભાઇ સોલંકીની નિયુકતિ કરવામાં આવી છે.

જયારે જીલ્લાઓમાં સંગઠન નિર્માણ પ્રભારીઓની નિમણૂક કરવામાં આવી છે.

જેમાં ઉત્તર ગુજરાત ઝોનના પ્રભારી તરીકે ડો. રમેશ પટેલ, કચ્છ અને મોરબી ઝોનમાં કૈલાશભાઇ સોલંકી, સૌરાષ્ટ્ર પૂર્વ ઝોનમાં રાજુભાઇ સોલંકી, સૌરાષ્ટ્ર પશ્ચિમ ઝોનમાં જગમાલભાઇ વાળા, સેન્ટ્રલ ઝોનમાં ડો. જવેલબેન વસરા, સાઉથ ઝોનમાં ચૈતર વસાવા અને વડોદરા-સુરતમાં અલ્પેશ કથીરીયાની નિમણૂક કરવામાં આવી છે. (૧૩)

# વાંકાનેરના સરતાનપર નજીક કન્ટેનરે બાઈક ચાલકને હડફેટે મોત

**(મયુર ઠાકોર દ્વારા)**
વાંકાનેર, તા.૧૮

વાંકાનેર તાલુકાના સરતાનપર-રાતાવીરડા રોડ ઉપર જીજે-૧૨ - બિટી- ૯૨૯૮ નંબરના કન્ટેનર ટ્રક ચાલકે બાઇકને હડફેટે લેતા બાઈક ચાલક મહેશ ગરમસિંહ વીંછીયાભાઈ નામના દાહોદના વતની યુવાનનું ગંભીર ઇજાઓ પહોંચતા મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માતની આ ઘટના અંગે મૃતકના પિતા ગરમસિંહ નળવાયાની ફરિયાદને આધારે વાંકાનેર તાલુકા પોલીસે કન્ટેનર ચાલક વિરૂદ્ધ ગુન્હો નોંધ્યો છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા-કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિદ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)
વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com
એડ્રેસઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

# ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાનો કાર્યકાળ લંબાવાયો



**મારા જેવો સામાન્ય કાર્યકર રાષ્ટ્રીય પ્રમુખ બને એ માત્ર ભાજપમાં જ શક્ય બનેઃ નડ્ડાનું લાગણીભર્યું ટ્વીટ**

**(એજન્સી સમાચાર)**
નવી દિલ્હી, તા.૧૮

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે જે.પી. નડ્ડાનો કાર્યકાળ જૂન-૨૦૨૪ સુધી લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આભારવશ નડ્ડાએ ટ્વીટ મારફત પોતાની લાગણીઓ વ્યકત કરતા ઉપકારવશ જણાવ્યું હતું કે, મારા જેવો એક સામાન્ય અને સાદો કાર્યકર રાષ્ટ્રીય પ્રમુખ બને એ માત્ર ભાજપમાં જ શક્ય બને.

નડ્ડાએ લોકસભાની ચૂંટણીઓ પહેલા પોતાના શિરે મુકવામાં આવેલી મોટી જવાબદારી અંગે જણાવ્યું હતું કે, મારા પર બહુ મોટી જવાબદારી મુકવામાં આવી છે. તેનો મને અહેસાસ છે. મારી પાસે ઘણીબધી અપેક્ષાઓ રાખવામાં આવી છે એ વિશે હું પુરેપુરો સચેત છું. મહાન આગેવાનોએ જેનું નેતૃત્વ કર્યું એવી ચળવળને આગળ ચલાવવાની જવાબદારી હાંસલ થાય એ ગૌરવની વાત છે અને મારું અહોભાગ્ય છે. એમણે પક્ષના કાર્યકરોને સંબોધીને જણાવ્યું હતું કે, કાર્યકરોના આશીર્વાદ અને અડગ સંકલ્પની મારે જરૂર છે.

તેમણે પોતાને મળેલા સન્માનનો વિનમ્રતાથી સન્માન કરતા જણાવ્યું હતું કે, ભારત ઐતિહાસિક સમયગાળાના આંગણે આવીને ઉભું છે. નયા ભારતના નિર્માણનો પાયો નખાઈ ગયો છે. ભારતને વિશ્વગુરૂ બનાવવાના આપણા અડીખમ અને મજબુત સંકલ્પમાં સફળ થવા માટે આપણે હજુ સખ્ત પરિશ્રમ કરવાનો રહે છે. હું આ તકે આપણા સહુના પ્રેરણા સ્ત્રોત વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ખાસ આભાર વ્યક્ત કરું છું. મને ફરી જવાબદારી સોંપવા બદલ પક્ષના સંસદીય બોર્ડ અને રાષ્ટ્રીય કારોબારીનો આભાર વ્યકત કરું છું.(૨.૧૨)




## યુવાનોના શરીરમાં વધતી જતી સ્થૂળતા...

બાળકો અને યુવાનોના શરીર આજકાલ જે રીતે સ્થૂળતા વધારતા જાય છે તેમાં જંકફૂડનું વિશેષ યોગદાન છે. જંકફૂડની ગુણવત્તાની બાબતમાં બ્રિટન અને અમેરિકા સ્ટારરેટિંગ ધરાવે છે. ભારતે ત્યાં સુધી પહોંચવામાં એક યુગ લાગે તે સ્વાભાવિક છે પરંતુ ત્યાં સુધીમાં ભારતની નવી પેઢીનું શરીર સૌવ અને તંદુરસ્તી બંને હોમાઈ જાય એનું શું? છતાં ખાદ્ય સુરક્ષા અને ગુણવત્તા નિયમન વિભાગે હવે શરૂઆત કરી છે એ સારી બાબત છે. પ્રજાને જંકફૂડ ખાતા અટકાવવાનું કામ હવે તો અસંભવ છે એટલે એની ગુણવત્તામાં નિયમન સિવાયનો કોઈ ઉપાય તરતમાં તો સરકાર પાસે નથી. એવું નથી કે જંકફૂડની થતા નુકસાન અંગે તેના પુખ્ત ઉપભોક્તાઓ અજ્ઞાત છે. બધા બધું જ જાણે છે પરંતુ પાલન કરવાની કે સભાનતા કેળવવાની વૃત્તિનો જ અભાવ છે. ભારત સરકારે પેકિંગમાં વેચાઈ રહેલા ખાદ્યપદાર્થોના ઉત્પાદનમાં કેટલાક નવા નિયમો દાખલ કરવાનું નક્કી કર્યું અને એને કારણે દેશમાં બનતા અને બજારમાં વેચાતા તમામ ડબાબંધ કે પડીકાબંધ ખાદ્ય પદાર્થો પર તેમાં રહેલા પ્રોટીન, ચરબી, સુગર, તથા અન્ય કેમિકલની માત્રા અંગે સ્પષ્ટતા જાહેર કરવી ફરજિયાત બની છે પરંતુ જંકફૂડના શોખીનો પાસે એ વાંચવાનો સમય નથી. લોકડાઉનના સમયમાં સંપૂર્ણ ઘરનિર્ભર ખોરાકનો લાભ પામીને ધન્ય થયેલા એ શોખીનો અનલોક પછી ફરી એ જ મોજ અને એ જ શોખમાં વ્યસ્ત દેખાય છે. આને કારણે ઉત્પાદક કંપનીઓ તો હવે સરકારે ઠરાવેલા ધોરણોનું કડક પાલન કરે છે અને પાલન જેઓ નહીં કરતા હોય તેવા તમામ ડબાબંધ કે પડીકાબંધ આહાર પર જેમ શાકાહારી ઉત્પાદનનો પર લીલા ટપકાનો સંકેત હોય છે તેમ પ્રોટીન વિટામિનની માત્રાના સરકારે ઠરાવેલા નિયમોનો અમલ ન થયો હોય ત્યાં લાલ ટપકું લગાવે પણ છે પરંતુ એ જુએ કોણ?

તાજેતરના નવા સર્વેક્ષણ પ્રમાણે ગૃહિણી તરીકેની જવાબદારી સંભાળી રહેલી મહિલાઓએ નોકરી અને વ્યવસાયમાં ઝંપલાવ્યા પછી દુનિયાભરમાં તૈયાર ખોરાકી સામગ્રીના વેચાણમાં ધરખમ વધારો થયો છે. ઓક્સફોર્ડ યુનિવસટીના ઇન્સ્ટિટયૂટ ફોર ગ્લોબલ હેલ્થના નવા સંશોધન પ્રમાણે ડબાબંધ કે પડીકાબંધ વેચાઈ રહેલી અનેક પ્રકારની ખાદ્ય-સામગ્રી આરોગ્યને ગંભીર નુકસાન કરે છે. પેકિંગમાં મળતી સામગ્રીની ગુણવત્તાની બાબતમાં દુનિયાના વિવિધ દેશોમાં હાથ ધરવામાં આવેલા સંશોધનોમાં ભારત બહુ પાછળના ક્રમે છે. આ પ્રકારના ભારતીય ઉત્પાદનોમાં આરોગ્ય અને વસ્તુશુદ્ધિ અંગે કોઈ ઠેકાણા હોતા નથી.

# રવિવારે વિનામૂલ્યે કાન-નાક ગળાના નિદાન તથા શ્રવણયંત્ર વિતરણ કેમ્પ

### પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ તથા રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉનના સંયુકત ઉપક્રમે કરાયું આયોજનઃ કેમ્પનું ઉદ્‌ઘાટન ધારાસભ્ય ઉદયભાઈ કાનગડના વરદ હસ્તે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૮

પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ તથા રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉનનાં સંયુક્ત ઉપક્રમે તા.૨૨ ને રવિવારે સવારે ૯ થી ૧૧:૩૦, વિનામૂલ્યે શ્રવણયંત્ર (હિયરીંગ એઇડ) વિતરણ તથા કાન- નાક-ગળાના નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

જે લોકોને કાનમાં બહેરાશ આવી ગઈ હોય, કાનમાં ઓછું સંભળાતું હોય, કાનમાં સાંભળવાનું મશીન લઈ ન શકતા હોય તેવા જરૂરિયાતમંદ દર્દીઓને વહેલા તે પહેલાના ધોરણે વિનામૂલ્યે શ્રવણયંત્ર (બહેરાશમાં ઉપયોગી થતું મશીન) ડોકટરની સલાહ મુજબ વિતરણ કરવામાં આવશે.

આ ઉપરાંત જે દર્દીઓને કાન, નાક કે ગળાની નાની-મોટી તકલીફો રહેતી હોય, કાકડા વધવા, કાનમાં રસી આવવી, અવાજ બેસી જતો હોય, શરદી રહેતી હોય, નાકમાં મસા રહેતા હોય આવા કોઈપણ રોગીનું સચોટ નિદાન રાજકોટના ડોકટરો ડો. સુનિલભાઈ મોદી, ડો.જતિનભાઈ મોદી, ડો, નિરવભાઈ મોદી, ડો.દર્શનભાઈ ભટ્ટ, ડો. વિમલભાઇ હેમાણી, ડો. વૈભવભાઈ હાપલિયા દ્વારા કરવામાં આવશે.

શ્રવણયંત્ર (હિયરીંગ એઇડ) માટે લાભ લેનાર દર્દીઓએ પોતાના ઓળખપત્ર તરીકે આધારકાર્ડની ઝેરોક્ષ, પૂરું સરનામું, આવકનો દાખલો તેમજ કલર પાસપોર્ટ સાઇઝ ફોટો સાથે લાવવો જરૂરી છે.

જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે શ્રવણયંત્ર વહેલા તે પહેલાના ધોરણે વિતરણ કરવામાં આવશે. જરૂરિયાતમંદ દર્દીઓને પોતાના આરોગ્યની સુખાકારી માટે આ કેમ્પનો લાભ લેવા શ્રી પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટના ચેરમેન વિજયભાઇ રૂપાણી દ્વારા અપીલ કરવામાં આવેલ છે. રવિવારે યોજાનાર આ કેમ્પને યશસ્વી બનાવવા ટ્રસ્ટના ટ્રસ્ટી અંજલીબેન રૂપાણી તથા મહેશભાઇ ભટ્ટ માર્ગદર્શન હેઠળ મેડિકલ કમિટી મેમ્બર્સ ડો. જૈમનભાઈ ઉપાધ્યાય, ડો. નયનભાઈ શાહ, ડો. વિભાકરભાઈ વચ્છરાજાની, દિવ્યેશભાઈ અઘેરા, બીપીનભાઈ વસા જહેમત ઉઠાવી રહ્યા છે. કેમ્પ અંગે વિશેષ માહિતી માટે ટ્રસ્ટના વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટનો પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ, કિલ્લોલ, ૧-મયુરનગર, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન (પૂર્વઝોન) સામે, ભાવનગર રોડ, રાજકોટ ખાતે રૂબરૂ અથવા ફોન નં.૦૨૮૧-૨૭૦૪૫૪૫ / ૨૭૦૧૦૯૮ દ્વારા સંપર્ક સાધવા ભાવેનભાઇ ભટ્ટએ જણાવ્યું છે.

# પડધરીના નાના ખીજડીયા ખાતે યોજાઈ રાત્રી સભા

### પાકા રસ્તા,જાહેર પરિવહન સહિતના સ્થાનિક પ્રશ્નો વિશે કરાઈ ચર્ચા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૮

ગ્રામીણ પ્રજાના પ્રશ્નોનો સત્વરે ઉકેલ આવે તે માટે સરકાર દ્વારા સ્થાનિક સ્તરે રાત્રિ સભાના આયોજન કરવામાં આવે છે.રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના નાના ખીજડીયા ગામ ખાતે રાત્રિ સભા યોજાઈ હતી. જેમાં કોઝવે,તળાવ ઊંડું કરવા, આંગણવાડી કંપાઉન્ડવોલ, આવા ગમન માટે જાહેર પરિવહનની વ્યવસ્થા,પાકા રસ્તાના કામો જેવા વિવિધ પ્રશ્નો વિષે ચર્ચા કરાઈ હતી તેમજ બી.પી.એલ.કાર્ડ માટે નવા નામોની યાદી અને નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના અંગે માહિતી આપવામાં આવી હતી.

રાત્રી સભામાં મહત્તમ પ્રશ્નોનો ઉકેલ સ્થળ પર જ લાવવામાં આવ્યો હતો.આ સભામાં તાલુકા વિકાસ અધિકારી પડધરી એસ.કે. માનત,વિસ્તરણ અધિકારી પડધરી હંસા રામાણી, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી,આઇ.સી.ડી.એસ. અધિકારી,એ.ટી.ડી.ઓ. પડધરી ઉર્વીબેન,પશુ ડોકટર પડધરી,હેલ્થ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના જન્મદિવસે શુભેચ્છાઓ પાઠવતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ



**રાજભવન પરિવાર દ્વારા રક્તદાન શિબિરનું આયોજન**

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના જન્મદિવસ પ્રસંગે આજે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે શુભકામનાઓ પાઠવી હતી. રાજભવનમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીને પુષ્પગુચ્છ અર્પણ કરીને ઉષ્માભેર શુભકામનાઓ પાઠવતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તેમના દીર્ઘાયુની કામના કરતાં તેમના દ્વારા લોકહિતના ઉમદા કાર્યો થતા રહે એવી શુભેચ્છાઓ આપી હતી. ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ,પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી અમિતભાઈ શાહે પણ પત્ર પાઠવીને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીને જન્મદિવસની શુભકામનાઓ આપી છે.

રાજભવન પરિવાર દ્વારા આજે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના જન્મદિવસ નિમિત્તે સેવાકાર્ય હેતુ રાજભવનમાં રક્તદાન શિબિરનું આયોજન કરાયું છે.રાજ્યપાલના પરિવારજનોએ પણ આ પ્રસંગે રક્તદાન કર્યું હતું.

# એઈમ્સ હોસ્પિટલની મુલાકાત લઈને કામગીરીનું નિરીક્ષણ કરતા જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૮

રાજકોટમાં જામનગર રોડ પર પરા-પીપળીયા ગામ ખાતે નિર્માણાધિન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના મહત્વકાંક્ષી પ્રોજેક્ટ એઈમ્સ હોસ્પિટલ - રાજકોટની જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુએ સ્થળની રૂબરૂ મુલાકાત લઈને કામગીરીનું નિરીક્ષણ કરીને જરૂરી વિગતો મેળવી હતી.

આ તકે કલેક્ટરએ અહીં બની રહેલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજના વિવિધ વિભાગોનું નિરીક્ષણ કર્યું હતું તેમજ કાર્યરત કામ અંગે જરૂરી સૂચનાઓ આપી હતી.

આ ઉપરાંત ઓપીડી બિલ્ડીંગમાં શરૂ કરવામાં આવેલા વિવિધ વિભાગો જેવા કે ઓબસ્ટ્રેક એન્ડ ગાયનેક,ઓર્થોપેડિક, ઓડિયોમેટ્રી,સ્કીન ડિસીઝ વિભાગ,દાંતનો વિભાગ સહિતની મુલાકાત લીધી હતી.તેમજ 'ઈ-સંજીવની' સેવા અંતર્ગત કેવી રીતે દર્દીઓ તથા ડોકટરોને માર્ગદર્શન આપવામાં આવે છે તે અંગે ડો.મેહુલ કાલીયાએ કલેક્ટરને માહિતગાર કર્યા હતા.

હેલ્પ ડેસ્ક પરના એડમિનીસ્ટ્રેટીવ સ્ટાફ દ્વારા મેનેજમેન્ટ સિસ્ટમ અંગે જાણકારી મેળવી હતી.

એઈમ્સ હોસ્પિટલના કેમ્પસમાં નિર્માણ પામેલ બોય્સ હોસ્ટેલ અને ગર્લ હોસ્ટેલની મુલાકાત લીધી હતી તેમજ



ડાઇનિંગ હોલમાં ભોજન લઈ રહેલા વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરીને તેઓ માટે ઉપલબ્ધ સુવિધાઓ અંગે જાણકારી મેળવી હતી. કલેક્ટરની મુલાકાત સમયે ડો.ભાવેશ મોદી,પ્રોફેસર અશ્વિન અગ્રવાલ,રાજકોટ ગ્રામ્યના પ્રાંત અધિકારી વિવેક ટાંક, એચ.એસ.સી.સી.ના મેનેજર રૂપેન્દર શર્મા, કોન્ટ્રાક્ટર રાકેશ સિંઘ,માર્ગ અને મકાન વિભાગના અધિકારી કે.એન.ઝાલા, જેટકોના અધિકારી મુંગરા સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### ટ્રાફિક નિયમો અંગે માર્ગદર્શન આપતા વાંકાનેરના પી.આઈ

# ટ્રાફિક સમસ્યાનું પણ નિવારણ લાવવા લોકમાંગ



**(મયુર ઠાકોર દ્વારા)**

વાંકાનેર, તા.૧૮

હાલ પોલીસ દ્વારા માર્ગ સલામતી સપ્તાહ ૨૦૨૩ અન્વયે વાહનો પાછળ રેડિયમ લગાવી ટ્રાફિક નિયમો અંગે લોકોને માર્ગદર્શન આપવામાં આવ્યું. જેમાં વાંકાનેર પી.આઈ છાસીયાએ પણ લોકોને ગુલાબ આપીને જાગૃત કરી માર્ગદર્શન આપી રહ્યા હતા પરંતુ ફક્ત પ્રજાને માર્ગદર્શન આપીને પોતાની ફરજ પુરી નથી થઈ જતી આતો તેમના ઉચ્ચ અધિકારીઓને કામગીરી બતાવી રાજી રાખવા માટે ફક્ત ફોટા પડાવ્યા હોય તેવું નાટક લાગી રહ્યું હતું. તેવું લોકોમાં ચર્ચાઇ રહ્યું છે.

વાંકાનેર શહેરના ટ્રાફિક સમસ્યા એક મોટો માથાનો દુખાવો છે. એમાં પણ વાંકાનેર હાઈ-વે જકાતનાકા પાસે થતા ટ્રાફિક જામથી તો લોકો હેરાન પરેશાન થઈ ગયા છે. ટ્રાફિક જામથી દિવસ દરમિયાન રીતસર વાહનોની લાંબી કતારો જોવા મળતી હોય છે અને અકસ્માતનો પણ ભય સેવાય રહેતો હોય છે. ત્યારે પોલીસની કામગીરી જાણે સુસુપ્ત અવસ્થામાં હોય એવું લાગી રહ્યું છે. ટ્રાફિક બ્રિગેડના જવાનો પણ ત્યાં મુકવામાં આવે છે પરંતુ એને જાણે ટ્રાફિક નિયમન કરવામાં રસ નથી કે પછી ખાલી વાતોના ગપાટા મારવા આવે છે? એ પણ એક પ્રશ્ન ઉભો થાય છે ત્યારે ભૂતકાળમાં આ હાઇ-વે ચોકડી પર ભયંકર અકસ્માતો સર્જાયા છે અને અકસ્માતમાં અનેક નિર્દોષ લોકોના જીવ પણ ગયા છે. આ વાંકાનેર પી.આઈ શું કોઈ ભયંકર અકસ્માત થાય તેની રાહ જોઇને બેઠા છે? ત્યારે લોકોમાં હાલ એક જ માંગ ઉઠી રહી છે કે, વહેલી તકે વાંકાનેરના પી.આઈ આ સમસ્યાનું નિવારણ લાવી માથાના દુખાવા સમાન ટ્રાફિક સમસ્યામાંથી છૂટકારો અપાવે.

# શહેર ભાજપ અનુ.જાતિ મોરચા દ્વારા કમલેશ મિરાણીનું કરાયું સન્માન



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૮

તાજેતરમાં યોજાયેલ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો પ્રચંડ બહુમતીથી વિજય થયો છે.

ત્યારે રાજકોટની ચારેય વિધાનસભામાં ભાજપના ઉમેદવારોને જંગ બહુમતીથી ભવ્ય જીત હાંસલ થઇ છે ત્યારે શહેર ભાજપ અનુ.જાતિ મોરચા દ્વારા શહેર ભાજપ 'કમલમ્' કાર્યાલય ખાતે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ હતું.

આ તકે શહેર ભાજપ ઉપપ્રમુખ અને શહેર ભાજપ અનુ.જાતી મોરચાના પ્રભારી મહેશ રાઠોડ, પ્રમુખ મહેશ અઘેરા, મહામંત્રી વજુભાઇ લુણાસીયા તેમજ અનુ.જાતિ મોરચાના જયંતીભાઇ ધાંધલ, અજય વાઘેલા, ઇશ્વર જીતીયા, દિનેશભાઇ સોલંકી, સંજય બગડા, દીનેશ બારોટ, શોભીત પરમાર સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ જિલ્લામાં રવિવાર સુધી સૂકાં,ઠંડા અને ચોખ્ખા હવામાનની આગાહી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૮

ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવા કીય વિસ્તારના રાજકોટ જિલ્લામાં આજ તા. ૧૮ થી ૨૨ દરમિયાન સૂકું,ઠંડુ અને ચોખ્ખું હવામાન રહેવાની શક્યતા છે.તેમજ તા. ૨૦ દરમિયાન અંશતઃ વાદળછાયું હવામાન રહેવાની સંભાવના છે.

આ સમય ગાળામાં મહતમ તાપમાન દિવસ દરમિયાન ૨૮ થી ૩૧ ડિગ્રી સેલ્સીયસ તેમજ લઘુતમ તાપમાન રાત્રી દરમિયાન ૧૧ થી ૧૩ ડીગ્રી સેલ્સીયસ જેટલું રહેવાની સંભાવના છે. તેમજ મહત્તમ અને લઘુત્તમ ભેજનું પ્રમાણ અનુક્રમે ૨૭ થી ૪૩ ટકા અને ૧૧ થી ૨૧ ટકા રહેશે. પવનની દિશા ઈશાનની રહેવાની અને પવનની ઝડપ ૧૫થી ૧૬ કિમી/કલાક રહેવાની શક્યતા છે.

તેમ ભારત સરકારના હવામાન ખાતા તરફથી મળેલ હવામાન માહિતી અનુસાર જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, તરઘડીયાના ગ્રામીણ કૃષિ મૌસમ સેવા વિભાગ તરફથી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# શિયાળાની ઋતુમાં શિત લહેર આવવાથી હાઈપોથર્મિયા થવાની શક્યતાઓ

### ઠુઠવાતી ઠંડીથી બચવા રાજકોટ જિલ્લા આરોગ્ય તંત્રની અપીલ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૮

તાજેતરમાં શિયાળાની ઋતુમાં શીત લહેર આવવાની શક્યતાઓ છે. જેના કારણે હાઈપોથર્મિયા થઈ શકે છે. જે માનવીય જીવન માટે જોખમ ઉભું કરી શકે અથવા કયારેક જીવલેણ પણ સાબિત થઈ શકે છે.

આ બીમારથી બચવા માટે શિયાળામાં ગરમ કપડાં તેમજ સ્વેટર, મફલર, ગરમ ટોપીનો ઉપયોગ કરવો.તેમજ વધુ ઠંડી હોય ત્યારે મોટી ઉંમરના વૃધ્ધ, બીમાર વ્યક્તિઓ અને નાના બાળકોએ શક્ય હોય ત્યાં સુધી ઘરમાં જ રહેવું અને ઠંડીથી બચવા વિશેષ ધ્યાન આપવું. બિનજરૂરી મુસાફરી ટાળવી.

ઘરના બારી બારણા બંધ રાખવા.જરૂરિયાત મુજબ આવશ્યક જીવન જરૂરી ચીજ-વસ્તુનો પુરવઠો સ્ટોર કરવો.પર્યાપ્ત પાણીનો સંગ્રહ કરવો અને સવારના સમયે ઠંડીથી બચવા માટે સૂર્યના તાપમાં બેસવું. નિયમિત પણે ગરમ પ્રવાહી પીવો તથા વધુ કેલરી વાળો ખોરાકનો ખાવો. આ ઉપરાંત ત્વચા સૂકી ન પડે તે માટે તલનું તેલ,કોપરેલ, વેસેલિન જેવા તૈલી પદાર્થનો ઉપયોગ કરવો અને સાદા સાબુને બદલે ગ્લિસરીનયુક્ત સાબુનો ઉપયોગ કરવો. શરીરમાં ધ્રુજારીને અવગણશો નહીં. લાંબ સમય ઠંડીના સંપર્કમાં રહેવાથી ત્વચા નિસ્તેજ સખત અને સુન્ન થઇ શકે છે.આંગળીઓ, અંગૂઠા, નાક અને કાનના પડદા પર લાલ ફોલ્લા થઈ શકે છે. ઉપરોક્ત લક્ષણ જણાય તો તાત્કાલિક નજીકના સરકારી દવાખાને ખાનગી તબીબનો સંપર્ક કરી જરૂરી સારવાર મેળવવી.આથી જાહેર જનતાને ઠંડીથી બચવા ઉપરોક્ત પગલાં લેવા જિલ્લા આરોગ્ય તંત્રનો અનુરોધ છે તેમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ ક્રાઈમ

### ઈ-બાઈક લેવા ભેગા કરેલા ૫૮ હજાર બસપોર્ટ પરથી ચોરી લીધા

રાજકોટઃ દ્વારકાના કલ્યાણપુર ગામે રહેતા અને સિક્યુરીટીમાં કામ કરતા મનોજભાઈ ચુનીલાલ બુધભટ્ટી રાજકોટ આવ્યા હતા અને અહિયાથી ૧૪ તારીખે પરિવારને ત્યાં રોકાયેલી દીકરીને લઈને પરત જવા રાજકોટ બસપોર્ટ ખાતે પહોંચ્યા હતા. અહીં પોતે દીકરા માટે ઈ બાઈક લેવું હોય જેના ૫૮,૫૦૦ ભેગા કર્યા હતા. તે બસમાં ચડતી વેળાએ ભીડનો લાભ લઇ કોઈ શખ્સ ચોરી લીધા હતા. જેથી આ અંગે એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

### મિત્ર ૧ લાખ રોકડ ભરેલું વાહન ચોરી કરી ભાગી ગયો

રાજકોટઃ શહેરના મવડીની વૃંદાવન વાટિકામાં રહેતા શિક્ષક ધીરજભાઈ મેઘજીભાઈ પોકળ નામના વૃદ્ધે ૨૦૦૫માં શાપરમાં ફ્લેટ બુક કરાવ્યો હતો અને ૫ લાખ ભર્યા હતા પરંતુ પૈસા ભરી નહીં શકતા મેં સોદો કેન્સલ કર્યો હતો અને કટકે કટકે પૈસા પરત લેવા મિત્ર લક્કીરાજ જાડેજા સાથે જતો હતો અને તેણે ૧૫ હજાર તથા ૩૦ હજાર ઉછીના આપ્યા હતા દરમ્યાન ફરીથી ૧ લાખ લઈને આવ્યા ત્યારે તેણે તમે તાળું ખોલો હું એકટીવા ઘરમાં મૂકી દઉં કહેતા હું તાળું ખોલવા હું જતા ૨૦ હજારનું એકટીવા અને ૧ લાખ રોકડા લઇ લક્કીરાજ જાડેજા ભાગી ગયો હતો જેથી આ અંગે તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

**અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો**
**મો.9429787729**
**email:-saurashtrakranti@gmail.com**

# ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક સેવા હેઠળ ૩૯૯ રૂપિયામાં ૧૦ લાખનું અકસ્માત વીમા કવચ

### કાલથી બે દિવસ રાજકોટની ૬ પોસ્ટ ઓફિસમાં અકસ્માત વીમા કવચ કેમ્પનું આયોજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૮

વર્ષ ૨૦૧૮ થી શરૂ થયેલ ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક એ ભારત સરકાર અંતર્ગત પોસ્ટ ડિપાર્ટમેન્ટ, કોમ્યુનિકેશન મંત્રાલય હેઠળ આવેલ પેમેન્ટ્સ બેંક છે. જેનો શુભારંભ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે થયો હતો.આ બેંકનો ઉદ્દેશ્ય પોસ્ટ ડિપાર્ટમેન્ટના વિશાળ અને વિશ્વાસપાત્ર નેટવર્ક દ્વારા છેવાડાના માનવી સુધી બેંકિંગ સેવાઓ પૂરી પાડવાનો છે.

અનિશ્ચિતતાઓના આ સમયમાં પાણી પહેલા પાળ બાંધવી ખુબ જ જરૂરી છે. તાજેતરમાં જ ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકે બજાજ એલાયન્સ/ટાટા એઆઈજી સાથે મળીને ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકના ૧૮ થી ૬૫ વર્ષના વયજૂથના ખાતાધારકો માટે અકસ્માત જૂથ વીમા કવચની સુવિધા શરૂ કરી છે.

આ સુવિધા અન્વયે ખાતાધારકો ફક્ત રૂ.૩૯૯ ના વાર્ષિક પ્રીમિયમમાં રૂ.૧૦ લાખના અકસ્માત વીમા પોલિસીનો લાભ લઈ શકે છે.જેમાં દુર્ભાગ્યે કોઈપણ અકસ્માતથી મૃત્યુના સંજોગોમાં રૂ.૧૦ લાખ તેમજ કાયમી વિકલાંગતા માટે પણ રૂ.૧૦ લાખ જેટલી મોટી રકમ લાભાર્થીને મળવાપાત્ર છે.

બાળકો માટે રૂ.૧ લાખ સુધી અભ્યાસ સહાય,રૂ.૬૦ હાજર સુધી દવાખાના ખર્ચ સહિતના અન્ય લાભ તો ખરા જ.રોજમદારો,નાના કારીગરોથી માંડીને દરેક નાગરીકો માટે અકસ્માત વીમા અત્યંત જરૂરી છે. પોસ્ટ ઓફિસની આ વીમા પોલિસી નાના અને મધ્યમ વર્ગીય પરિવારની સલામતી સુનિશ્ચિત કરી સહારારૂપ બની છે.

આ યોજના હેઠળ કોઈપણ વ્યક્તિ ફક્ત પોતાના આધાર કાર્ડના નંબર આપી પેપરલેસ એકાઉન્ટ ખોલવાની પ્રક્રિયાથી ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકમાં એકાઉન્ટ ખોલાવી ખોલી શકે છે અને તુરંત જ આ વીમાનો લાભ કોઈપણ ડોકયુમેન્ટ આપ્યા વિના લઈ શકે છે.

આ યોજના હેઠળ ફક્ત રૂ. ૬૦૦ થી એકાઉન્ટ તેમજ વીમાનો લાભ મેળવી શકે છે. આ સુવિધા કોઈપણ પોસ્ટ ઓફિસમાં ઉપલબ્ધ છે.પોસ્ટ ઓફિસની જુદી જુદી સેવાઓથી લોકો વાકેફ થાય અને જરૂરી સેવાઓ નજીકમાં જ અને ઝડપભેર મળી રહે તે માટે રાજકોટ શહેરમાં તા.૧૯ અને ૨૦ જાન્યુઆરીના રોજ સદર બજારમાં આવેલી રાજકોટ હેડ પોસ્ટ ઓફિસ,ગોંડલ રોડ પર આવેલી રાજકોટ પોસ્ટલ કોલોની પોસ્ટ ઓફિસ,ભક્તિનગર સર્કલ ખાતે આવેલી ભક્તિનગર પોસ્ટ ઓફિસ,યુનિવર્સિટી રોડ ઉપર આવેલી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પોસ્ટ ઓફિસ, કોટેચા સર્કલ નજીક આવેલી રૈયા રોડ પોસ્ટ ઓફિસ ખાતે વિશિષ્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

પોસ્ટ ઓફિસમાં નવું એકાઉન્ટ ખોલવાથી માંડીને વીમા પોલિસી,આધાર કાર્ડ, મોબાઈલ અપડેટ સહિતની સુવિધાઓનો લાભ આ કેમ્પમાં મળી શકશે.પોસ્ટ ઓફિસની સુવિધાઓને જાણવા આ વિશિષ્ટ કેમ્પમાં લાભ લેવા સિનિયર સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસની કચેરી,રાજકોટ ડિવિઝન દ્વારા જાહેર જનતાને અનુરોધ કરવામાં આવ્યો છે.

# રાજકોટ જિલ્લા કક્ષાની ફરિયાદ સંકલનની બેઠક મળશે શનિવારે




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૮

રાજકોટ જિલ્લા કક્ષાની ફરિયાદ સહ સંકલનની દર માસના ત્રીજા શનિવારે મળતી બેઠક અગામી તા. ૨૧મી જાન્યુ. ૨૦૨૩ ના રોજ સવારે ૧૧ કલાકે કલેકટર કચેરી સભાખંડમાં મળનાર છે.સંબંધિત અધિકારીઓએ જરૂરી વિગતો સાથે સમયસર ઉપસ્થિત રહેવા કલેકટર કચેરીની યાદીમાં જણાવાયું છે.

**વાચકોએ નોંધ લેવી**

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

# અનિડાવાછરાના ગ્રામજનોએ જિ. પંચાયત ચોકથી કલેક્ટર કચેરી સુધી રેલી યોજી પવનચક્કી હટાવવા માંગ કરી




(તસવીરઃ પંકજ ડાભી)

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)રાજકોટ: કોટડા સાંગાણી નજીકના અનિડાવાછરા ગામે પવનચક્કી લગાવવાની ચાલી રહેલી ગતિવિધિ સામે જબરો વિરોધ વંટોળ ઉઠ્યો છે અને આ કામને તાકીદે અટકાવવા માટે આજે રાજકોટમાં જિલ્લા પંચાયત ચોકથી કલેક્ટર કચેરી સુધી રેલી યોજી વિરોધ પ્રદર્શન કર્યું હતું અને કલેક્ટરને આવેદન પાઠવી પવનચક્કી હટાવવા માંગ કરી હતી. આ મામલે અનિડાવાછરાના ગ્રામજનોએ જણાવ્યું છે કે, અમારી ખેતીની જમીનના શેઢે ખરાબામાં સુઝલોન કંપનીની પવનચક્કી મૂકવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જે માટે ભારેખમ વાહનો અમારી જમીનમાંથી પસાર થઇ રહ્યા છે.એટલું જ નહીં, જો અહીં પવનચક્કી લાગશે તો ભવિષ્યમાં અમારા ગામમાં અન્ય કોઇ રોજગારીના સ્ત્રોતો કે ઉદ્યોગો આવશે જ નહીં અને ખેતીની જમીનને નુકસાન થાય છે, જેની ભરપાઇ ક્યારેય નહીં થાય. આથી આ કામ તાકીદે અટકી જવું જોઈએ. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, અમારે પવનચક્કી જોઇતી જ નથી.પવનચક્કીના કારણે વાહનો આડેધડ ખેતરોમાંથી રસ્તા કાઢીને પસાર થતા હોવાથી જમીનને નુકસાન થાય છે, તેમજ પાકને પણ નુકસાની સહેવી પડે છે.પવનચક્કી લાગે તો પાણીના બોરના તળ ઉંડા જતા રહેવાની શક્યતા છે. પાકને પિયત કર્યા પછી તરત જ જમીન સુકી થઇ જતી હોવાનો ખેડૂતોનો અભિપ્રાય, પાણી સંખ્યા પણ વધારવી પડે છે તો બીજી તરફ પાણી ઓછું મળે છે. પવનચક્કીના પડછાયાથી ઉભા મોલને પારાવાર નુકસાન થાય છે.

## શ્રી ગુરૂ દત્તાત્રેય શરાફી સહકારી મંડળી દ્વારા સેવા ભારતી-ગુજરાતને રૂ.૫ લાખનું અનુદાન



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

શ્રી ગુરૂ દત્તાત્રેય શરાફી સહકારી મંડળી દ્વારા સેવા ભારતી (ગુજરાત)ને રૂા. ૫ લાખનું અનુદાન અર્પણ કરાયેલ છે. આ પ્રસંગે મંડળીના સ્થાપક ચેરમેન ટપુભાઇ લીંબાસીયા, જયેશભાઇ બોઘરા (ચેરમેન), જગદીશભાઇ લાઠીયા (વાઇસ ચેરમેન) અને શિવલાલભાઇ લીંબાસીયાએ સેવા ભારતી (ગુજરાત)ના ટ્રસ્ટી નરેન્દ્રભાઇ દવે અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સૌરાષ્ટ્ર પ્રાંતના કાર્યવાહ કિશોરભાઇ મુંગલપરાને ચેક અર્પણ કરેલ હતો.

સેવા ભારતી (ગુજરાત) દ્વારા રાજકોટમાં ૮૦ ફુટ રોડ ઉપર વિવિધ પ્રવૃતિઓને સાકાર કરવા અદ્યતન ભવન નિર્માણ થઇ રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સંત કબીર રોડ ઉપર સ્થિત શ્રી ગુરૂ દત્તાત્રેય શરાફી સહકારી મંડળી સમાજનું ઋણ ચૂકવવાના ઉદ્દેશથી અવારનવાર અનેક સંસ્થાઓને યથાશકિત અનુદાન આપવામાં આવે છે. રામ હોસ્પિટલ (ગોંડલ)ને રૂા. ૩ લાખ, શ્રી કિશાન ગૌશાળા (આજીડેમ-રાજકોટ)ને ઘાસચારા માટે રૂા. ૩ લાખ, સત્ય સાંઇ હાર્ટ હોસ્પિટલને રૂા. ૨.૫૦ લાખ, રામ જન્મભૂમિ શિલાયાન્સ સમિતિને રૂા. ૨.૫૦ લાખ, પંચનાથ હોસ્પિટલને રૂા. ૨ લાખ, બી. ટી. સવાણી કિડની હોસ્પિટલને રૂા. ૧.૭૫ લાખ, સદ્‌ભાવના વૃદ્ધાશ્રમને રૂા. ૧ લાખ, કાઠીયાવાડ નિરાશ્રિત બાલાશ્રમને રૂા. ૧ લાખ, બહેરા મૂંગા શાળાને રૂા. ૫૧ હજાર, રામજી મંદિર (ગોંડલ)ને રૂા. ૫૧ હજાર, રણછોડદાસજી મહારાજ ચેરીટેબલ ટ્રસ્ટ (આંખની હોસ્પિટલ)ને રૂા. ૫૧ હજાર, દિવ્યાંગ બાળકોની એકરંગ ચિલ્ડ્રન્સ ડેવલપમેન્ટ ઇન્સ્ટીટયુટને રૂા. ૫૦ હજારનો સમાવેશ થાય છે.

સેવાના આ સ્તુત્ય કાર્યમાં શ્રી ગુરૂ દત્તાત્રેય શરાફી સહકારી મંડળી લિ.ના સ્થાપન ચેરમેન ટપુભાઇ લીંબાસીયા અને સ્થાપક વાઇસ ચેરમેન ગોરધનભાઇ કાપડીયાના માર્ગદર્શન હેઠળ જયેશભાઇ બોઘરા (ચેરમેન) અને જગદીશભાઇ લાઠીયા (વાઇસ ચેરમેન) ઉપરાંત સમગ્ર બોર્ડ ઓફ ડિરેકટર્સ સતત સક્રિયતા સાથે સેવાના કાર્યોમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે.

## ગુરૂકુળ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા GURUKULIYAM-2023 યોજાશે

પોરબંદર, તા.૧૮

રાજરત્ન શ્રેષ્ઠી શ્રી નાનજીભાઈ કાલિદાસ મહેતા આર્યકન્યા વિદ્યાલય ટ્રસ્ટ સંચાલિત ગુરૂકુળ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં આગામી ૨૧ જાન્યુઆરી, ૨૦૨૩ના દિવસે કોમર્સ અંગ્રેજી માધ્યમ તથા ગુજરાતી માધ્યમ દ્વારા 'GURUKULIYAM-2023' નું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં પોરબંદર, રાણાવાવ, બોખીરા, ખાપટ તથા આજુ બાજુના વિસ્તારની તમામ શાળા-કોલેજો અને વિદ્યાર્થીનીઓને આમંત્રણ પાઠવવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં એકસ્પોનું પણ આયોજન કરેલ છે. જેમાં ગુરૂકુળ મહિલા કોલેજના વિદ્યાર્થીનીઓ દ્વારા સ્ટોર્સ લગાડવામાં આવશે. જેમાં અલગ-અલગ નવી વસ્તુઓ, ગેમ્સ, ભૂતિયા ઘર તથા ખાણીપીણીના સ્ટોર્સ રાખવામાં આવશે.

આર્યકન્યા ગરૂકુળની તપોભૂમિમાં 'GURUKULIYAM - 2023 ' ના આયોજિત આ કાર્યક્રમમાં જુદી-જુદી ૬ પ્રકારની સ્પર્ધાનું આયોજન થયેલ છે જેમાં ટ્રેઝર હન્ટ, સોશિયલ બીસ, ફેશન શો, માસ્ટર માઈન્ડ કિવઝ, શાર્ક ટેન્ક તથા ગર્લ્સ ગોટ ટેલેન્ટ જેવી સ્પર્ધા રહેશે. 'ટ્રેઝર હન્ટ' સ્પર્ધામાં સ્પર્ધકોને કડીઓના પગેરૂને અનુસરીને છુપાયેલ પદાર્થોની શોધ કરવાની રહેશે.

આ ઉપરાંત 'સોશિયલ બીસ' સ્પર્ધા અંતર્ગત ૩ સ્પર્ધા થશે જેમાં ફોટોગ્રાફી, સેલ્ફી વિથ બેસ્ટીસ અને રીલ ઇટ-ફિલ ઈટ રહેશે. 'ફેશન શો' સ્પર્ધામાં સ્પર્ધકોને થીમ આપવામાં આવશે. તેમાંથી કોઈપણ થીમ પસંદ કરીને સ્પર્ધક વ્યકિતગત તથા ગ્રુપમાં ભાગ લઇ શકશે અને થીમ મુજબ તેમને રેમ્પ વોક કરવાનો રહેશે. 'માસ્ટર માઈન્ડ કિવઝ' સ્પર્ધામાં કિવઝ રહેશે. જેમાં ઈતિહાસ, વર્તમાન બાબતો, ગણિત, તાર્કિક પ્રશ્નો, બોલીવુડ વગેરે વિષયો પર પ્રશ્નો પૂછવામાં આવશે. આ સ્પર્ધા બે રાઉન્ડમાં રાખવામાં આવશે, પ્રથમ રાઉન્ડ એલિમિનેશન હશે અને બીજો રાઉન્ડ સામાન્ય રાઉન્ડ હશે. 'શાર્ક ટેન્ક' પોરબંદર ક્ષેત્રમાં આ વિષય પર પહેલીવાર આ મુજબની એક સ્પર્ધા થવા જઈ રહી છે જેમાં ભાગ લેનાર વિદ્યાર્થીનીઓએ પોતાના ધંધા-વ્યવસાયને લગતા નવા વિચારોને શાર્કર્સ સામે પ્રસ્તુત કરવાના રહેશે. 'ગર્લ્સ ગોટ ટેલેન્ટ' આ સ્પર્ધામાં વ્યકિત પાસે રહેલ તમામ કૌશલ્યને બહાર લાવવાનો એક પ્રયાસ હાથ ધરેલ છે. જેમાં સંગીત, નૃત્ય, ચિત્ર, સ્વરચિત કાવ્ય, ગઝલ, મિમિક્રી, કોમેડી વગેરે જેવી આવડત સ્ટેજ પર પ્રદર્શિત થશે.

ગુરૂકુળ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના કોમર્સ વિભાગ દ્વારા એક અનોખો પ્રયાસ પ્રથમવાર થઇ રહ્યો છે જેમાં કોલેજના પ્રાચાર્યશ્રી ડો.અનુપમ નાગર, કોમર્સ વિભાગના અધ્યક્ષ ડો.ભરતસિંહ ડોડીયા તથા બૃહદ ગુરૂકુળ પરિવાર દ્વારા 'GURUKULIYAM-2023' માં નિમંત્રિતોને ઉપસ્થિત રહેવા યાદીમાં જણાવ્યું છે. (૧૩)

## જે.એસ.જી. આઇ ડોનેશન ડ્રાઇવ અને વિવેકાનંદ યુથ કલબની પ્રેરણાદાયી પ્રવૃતિ

### સોની જ્ઞાતિના દિપકભાઇ ઝીંઝુવાડીયા પરિવારનું દ્રષ્ટિદાન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

રાજકોટ સોની જ્ઞાતિના સ્વ.દિપકભાઇ મોહનલાલ ઝીંઝુવાડીયા (ઉં.વર્ષ ૮૩) નું અવસાન થતાં તેમના પરિવારની સહમતીથી વિવેકાનંદ યુથ કલબના માર્ગદર્શક મુકેશભાઈ દોશી અને વિવેકાનંદ યુથ કલબના મંત્રી અનુપમભાઈ દોશીએ જૈન સોશિયલ ગ્રુપની આઇ ડોનેશન ડ્રાઇવના ચેરમેન ઉપેનભાઈ મોદી દ્વારા રાજકોટની સિવિલ હોસ્પિટલની આંખની હોસ્પિટલના ડો. નેહા મિત્તલએ ચક્ષુદાન સ્વીકારેલ.

સદગતના ચક્ષુનું દાન કરી બે દ્રષ્ટિહીન બાંધવોને દ્રષ્ટિદાન આપતા ગયા છે. બન્ને સંસ્થાઓનું આ વર્ષનું આ ૫૦ મુ ચક્ષુદાન છે રાજકોટના નગરજનો ચક્ષુદાન કરવા અને કરાવવા પ્રેરણા કરે. ૨૪×૭ ચક્ષુદાન કરવા અનુપમ દોશી મો.૯૪૨૮૨ ૩૩૭૯૬ અને ઉપેનભાઇ મોદી ૯૮૨૪૦ ૪૩૧૪૩ નો સંપર્ક કરવો.

## વેરા-વસુલાત શાખા દ્વારા કુલ ૧૦ મિલ્કતો સીલ

### ૮૮ મિલ્કતોને ટાંચ જપ્તીની નોટીસ આપતા રૂ.૨૯.૬૧ લાખની રીકવરી



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

મહાનગરપાલિકાની વેરા-વસુલાત શાખા દ્વારા કુલ ૧૦ મિલ્કતોને સીલ કરેલ તથા ૮૬મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપતા રીકવરી રૂા.૨૯.૬૧ લાખ રીકવરી કરેલ. વોર્ડ નં.૧માં હિંમત નગર માં આવેલ ૬-યુનિટને બાકી માંગણા સામે ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂ.૧.૦૮ લાખ., વોર્ડ નં.૩માં જંકશન મેઇન રોડ પર નિધિ એપાર્ટમેન્ટ ૪-યુનિટને બાકી માંગણા સામે ટાંચ જપ્તી નોટીસ આપેલ, જંકશન મેઇન રોડ પર લક્ષ્મણ એપાર્ટમેન્ટ ૬-યુનિટને બાકી માંગણા સામે ટાંચ જપ્તી નોટીસ આપેલ, જંકશન મેઇન રોડ પર રામેશ્વર એપાર્ટમેન્ટ ૫-યુનિટને બાકી માંગણા સામે ટાંચ જપ્તી નોટીસ આપેલ., વોર્ડ નં. ૪માં મારૂતીનંદન પાર્ક મા ૮-યુનિટને નોટીસ તથા રીકવરી રૂ.૮૦,૦૦૦., વોર્ડ નં. ૫માં રણછોડનગર માં ૩-યુનિટને બાકી માંગણા સામે ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂ.૬૪,૦૦૦, કુવાડવા રોડ ૧-યુનિટને બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૮૭,૦૦૦., વોર્ડ નં.૬માં ગઢિયા નગર માં ૬-યુનિટને બાકી માંગણા સામે નોટીસ., વોર્ડ નં. ૭માં ઢેબર રોડ પર આવેલ બસ-પોર્ટ માં કોમર્શિયલ ૧-યુનિટને સીલ. તથા ૧૦-નોટીસ આપેલ, ગોંડલ રોડ પર આવેલ પ્લેનરી આર્કેડમાં ૫-યુનિટને સીલ, ઢેબર રોડ પર આવેલ ૯-યુનિટને નોટીસ., વોર્ડ નં.૯માં ૧૫૦ ફૂટ રીંગ રોડ પર સુપદ કોમ્પ્લેક્ષ પાર્ક વિસ્તારમાં ૪-યુનિટને ટાંચ જપ્તી નોટીસ આપેલ, શિવપરા વિસ્તારમાં ૪-યુનિટને ટાંચ જપ્તી નોટીસ આપેલ., વોર્ડ નં.૧૧માં જીવરાજ પાર્ક વિસ્તારમાં ૮-યુનિટને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂ.૪.૮૭ લાખ., વોર્ડ નં-૧૩માં ગોંડલ રોડ પર આવેલ ૯-યુનિટને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂ.૧.૪૦ લાખ., વોર્ડ નં.૧૪માં કેનાલ રોડ પર આવેલ અરીહંત કોમ્પ્લેક્ષમાં ૭-યુનિટને નોટીસ, કેનાલ રોડ પર આવેલ કર્મભૂમિ કોમ્પ્લેક્ષ માં ૫-યુનિટને નોટીસ, કેનાલ રોડ પર આવેલ ૧-યુનિટને બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૧.૨૮ લાખ., વોર્ડ નં.૧૬માં સોરઠીયા વાડી સર્કલ પાસે ૧-યુનિટને બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૫૦,૦૦૦, ધારા ઇન્ડ.માં આવેલ ૧-યુનિટને બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૧.૦૦ લાખ., વોર્ડ નં.૧૭માં અટીકામાં આવેલ ૪-યુનિટના બાકી માંગણા સામે નોટીસ આપેલ.

આ કામગીરી આસી. મેનેજર રાજીવ ગામેતી, મયુર ખીમસુરીયા,વિવેક મહેતા, નિરજ વ્યાસ તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઇન્સપેક્ટરઓ દ્વારા આસી.કમિશ્નર સમીર ધડુક તથા વી.એમ.પ્રજાપતિ ના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

## પરસાણા પરિવાર દ્વારા ૩૫ લાખના ખર્ચે શ્રી ક્રાંતિ માનવ સેવા ટ્રસ્ટને એમ્બ્યુલન્સ અર્પણ





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

સૌરાષ્ટ્રના જાણીતા લેન્ડ ડેવલોપર્સ અને સૌરાષ્ટ્રની અનેકવિધ સેવાકીય, સામાજીક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, સંસ્થાઓ સાથે સંકળાયેલા જયંતિભાઈ કેશવભાઈ પરસાણા તેમજ ભારતીબેન જયંતિભાઈ પરસાણાની પરસાણા પરિવારમાં આવતાં દરેક શુભપ્રસંગોની સેવામય ઉજવણી કરતાં જયંતિભાઈ કેશવભાઈ પરસાણા, ભારતીબેન જયંતીભાઈ પરસાણા તેમજ પુત્રો રીષી જયંતિભાઈ પરસાણા, નમન જયંતિભાઈ પરસાણા,પરિવાર દ્વારા સૌરાષ્ટ્રના દર્દીનારાયણ, દરીદ્રનારાયણની સેવામાં ૩૫ લાખ રૂપિયાના માતબર ખર્ચે અત્યાધુનિક એમ્બ્યુલન્સ સેવાકીય સંસ્થા શ્રી ક્રાંતિ માનવ સેવા ટ્રસ્ટને અર્પણ કરાઈ છે. શ્રી ક્રાંતિ માનવ સેવા ટ્રસ્ટના પ્રમુખ સંજય હિરાણી (મો. ૯૮૨૫૦ ૭૭૪૫૪)ને ૩૫ લાખ રૂપીયાના ખર્ચે અત્યાધુનિક આઈ.સી.યુ. એમ્બ્યુલન્સ અર્પણ કરવાનો નિર્ણય લીધો હતો. આ એમ્બ્યુલન્સ સેવાનો લાભ લેવા જયંતિભાઈ પરસાણાની યાદીમાં જણાવાયું છે. (૧૩)

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## રાજ્યમાં ૪ ડિગ્રી તાપમાન સાથે નલિયા સૌથી ઠંડુગાર, આવતીકાલથી ઠંડીથી આંશિક રાહત મળશે

ડિગ્રી તાપમાન, પોરબંદર ૧૨ ડિગ્રી તાપમાન, વડોદરા ૧૨.૩ ડિગ્રી તાપમાન રહ્યું હતું. હવામાન વિભાગના વડા મનોરમા મોહંતીએ ઉમેર્યું હતું કે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ વધવાને પગલે ગુજરાતમાં ઠંડી થોડી ઘટશે. દરેક જિલ્લાના તાપમાનમાં આશરે ૩થી ૪ ડિગ્રીનો વધારો થતા તેમજ ઠંડા પવન ઘટતા ઠંડી થોડી ઘટશે. ઉત્તર ભારતમાં હજી પણ ઠંડીથી રાહત મળશે નહીં, દેશની રાજધાની કોલ્ડ કેપિટલ બની ગઈ છે. દિલ્હીમાં ન્યૂનતમ તાપમાન ૨.૪ ડિગ્રી નોંધાયું છે અને પહાડી વિસ્તાર કરતા પણ દિલ્હીમાં વધુ ઠંડી પડી રહી છે. તો રાજસ્થાનના અનેક શહેરોમાં શૂન્ય ડિગ્રી તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ૨૨ જાન્યુઆરીએ દિલ્હી અને ઉત્તરભારતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે તો ૨૩ અને ૨૪ જાન્યુઆરીએ ભારે પવન ફુંકાવાની શકયતા છે.

## ઉત્તર ભારતમાં ભયાનક ઠંડીઃ દિલ્હી-પંજાબમાં રેડએલર્ટ

રાજધાની દિલ્હીમાં લોકો ઠંડીથી બચવા માટે તાપણાનો સહારો લઈ રહ્યા છે. ઘણા ઘરવિહોણા દિલ્હીવાસીઓ ફરિયાદ કરી રહ્યા છે કે, તેઓને અધિકારીઓ તરફથી વધુ મદદ મળી નથી. ધુમ્મસના કારણે મુસાફરોને સૌથી વધુ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ તરફ ભારતીય રેલ્વેએ માહિતી આપી હતી કે, ધુમ્મસના કારણે ઉત્તર રેલ્વે ઝોનમાં ૬ ટ્રેનો મોડી ચાલી રહી છે. કાશ્મીરની વાત કરીએ તો ઉપરના વિસ્તારોમાં સતત ભારે હિમવર્ષા થઈ રહી છે. જોકે આગામી દિવસોમાં ધુમ્મસ અને કોલ્ડવેવથી રાહત મળશે.(૯)

## ગુજરાત ઓલિમ્પિક યજમાન બનવા સજ્જ

વિગતો જાણી હતી. ગૃહમંત્રી શાહ સમક્ષ પ્રેઝેન્ટેશન કરવામાં આવ્યું હતું. ૨૩૬ એકરના સરદાર પટેલ કોમ્પ્લેક્ષ ઉપરાંત ઓલિમ્પિકની અલગ અલગ રમતો માટે નારણપુરામાં પણ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ બનાવવામાં આવી રહ્યું છે. તેનાથી પણ બમણી જગ્યામાં એન્કલેવનું નિર્માણ કરવામાં આવશે. આ સમગ્ર પ્રોજેક્ટ કેન્દ્ર અને રાજ્ય સરકાર સાથે મળીને કરી રહ્યા છે.(૨.૧૨)

## નેશનલ હાઈ-વે પર સરકારી જમીન પર દબાણ હટાવવા કેન્દ્ર સજ્જ

હોવાના કારણે રસ્તો બનાવવામાં વિલંબ થઇ રહ્યો છે. ત્યારે રાજકોટથી નજીકના તમામ જીલ્લાઓને જોડતા નેશનલ હાઇ-વે ઓથોરીટીની જમીન પર કેટલા ગેરકાયદેસર બાંધકામો થઇ ગયા છે તેની વિગતો કેન્દ્ર સરકારના માર્ગ મંત્રાલય દ્વારા રાજકોટ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા પાસે માંગવામાં આવતા ટુંક સમયમાં આવા કેટલા દબાણો ખડકાઇ ગયા છે તેનો સર્વે ટુંક સમયમાં હાથ ધરવામાં આવશે અને આગામી દિવસોમાં આવા ગેરકાયદેસર બાંધકામો ઉપર બુલડોઝર ફેરવી અને નેશનલ હાઇ-વે ઓથોરીટીની જમીનો ખુલ્લી કરવામાં આવશે તેમ ટોચના સુત્રોમાંથી જાણવા મળેલ છે. રાજકોટથી અમદાવાદ, પોરબંદર, જામનગર, ભાવનગર, મોરબી સહિતના રસ્તાઓ અત્યારે ફોર લેન અથવા સીકસ લેન કરવાની કામગીરી કેન્દ્રની નેશનલ હાઇ-વે ઓથોરીટી દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી છે. જેમાં કેટલાક મુખ્ય રસ્તાઓ ઉપર ગેરકાયદેસર બાંધકામો ખડકી દેવાયેલા હોવાના કારણે રસ્તાઓ પહોળા કરવાની કામગીરી વિલંબમાં પડી છે ત્યારે આવા ગેરકાયદેસરબાંધકામોની વિગતો કેન્દ્ર સરકારના માર્ગ મંત્રાલય દ્વારા માંગવામાં આવી છે તેમ ટોચના સુત્રોમાંથી જાણવા મળેલ છે.

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## રાજકોટ જિ.પંચા.ના કલાસ વન ઓફિસર હુકમનું પાલન નહીં કરતા સરકારમાં પરત

આ કિસ્સામાં ચૂંટાયેલા સભ્યોના બદલે જિલ્લા વિકાસ અધિકારીએ કડક કાર્યવાહી કરતા ચકચાર મચી જવા પામી છે. રાજકોટ જિલ્લા પંચાયતમાં આ અગાઉ આરસીએચઓ તરીકે ડોકટર મિતેશ ભંડેરી હતા.તેને સરકારમાં પરત મોકલવાનો ઠરાવ ભૂતકાળમાં રાજકોટ જિલ્લા પંચાયતની સામાન્ય સભાએ બે વખત કર્યો હતો પરંતુ આમ છતાં તેને સરકારમાં મોકલાયા ન હતા. પરંતુ ભંડેરીની બદલી થતાં તેના સ્થાને જામનગરથી આવેલા આર.વી.પટેલને જિલ્લા વિકાસ અધિકારીએ સરકારમાં પરત મોકલી દીધા છે અને આ જગ્યા હવે ખાલી પડી છે. જામનગરથી નવા આવેલા આરસીએચઓને માતા અને બાળ કલ્યાણ વિભાગને લગતી જવાબદારી સોંપવામાં આવી હતી. આ કામગીરી અનુસંધાને સરકારમાંથી વીડિયો કોન્ફરન્સ થવાની હોય કે રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા કોઈ મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હોય તેમાં આર.સી. પટેલને હાજર રહેવા માટે સૂચના આપવામાં આવતી ત્યારે તે સતત ગેરહાજર રહેતા હતા. જિલ્લા આરોગ્ય અધિકારીના હુકમો તો ઠીક જિલ્લા વિકાસ અધિકારીના હુકમો પણ તે ન માનતા હોવાની તેમની સામે વ્યાપક ફરિયાદો ઉઠવા પામી હતી. ડોકટર મિતેશ ભંડેરીના કારણે ખાલી પડેલી આ જગ્યા પર જામનગરના આર.વી.પટેલની ગત તા.૩ ઓકટોબરના નિમણૂક થઈ હતી અને અત્યતં ટૂંકા સમય ગાળામાં તેને સરકારમાં પરત મોકલવામાં આવ્યા છે. હવે તેના સ્થાને સરકાર કોને મોકલે છે તે જોવાનું રહેશે. જિલ્લા આરોગ્ય અધિકારીની જવાબદારી ન મળતા ડખો થયો હોવાનું સામે આવ્યું છે. આર.વી.પટેલના આ પ્રકારના વર્તન બાબતે આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ આર.વી.પટેલ સિનિયર હોવા છતાં તેને આરસીએચઓ તરીકે નિમણૂક આપવામાં આવી હતી અને તેના જુનિયર ડોકટર રાઠોડને જિલ્લા આરોગ્ય અધિકારીનો હવાલો સોંપવામાં આવ્યો હતો. સિનિયર જુનિયરની લડાઈમાં આર.વી.પટેલે કામ કરવાનું જ બધં કરી દીધું હતું અને તે બાબત તેના માટે નેગેટિવ સાબિત થઈ હોવાનું જાણવા મળે છે. આ બાબતે જિલ્લા વિકાસ અધિકારીને પૂછવામાં આવ્યું ત્યારે તેમણે પણ કહ્યું હતું કે, આ આ વાત સાચી છે. પરંતુ આર.વી.પટેલનો ભૂતકાળ જોતા તેને આ જવાબદારી સોંપવાનું અમને યોગ્ય જણાયું ન હતું.

## રાજકોટની શાળાઓના સમયમાં ફેરફાર, સવારના ૮ થી શરૂ કરવા આદેશ

હવે શાળાનો સમય ફરજીયાતપણે સવારના ૮ નો કરવાની નવેસરથી સુચના આપવામાં આવી છે. જિલ્લા શિક્ષણાધિકારીએ જણાવ્યું હતું કે, આજે તમામ શાળાઓમાં ચેકિંગ માટે સવારથી ૮ સભ્યોની ટીમ રવાના કરવામાં આવી છે. સવારની શાળાઓનો સમય શું છે તેનું ચેકિંગ શરૂ કરવામાં આવ્યું છે અને ચેકિંગની ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે. ફરજિયાતપણે તમામ શાળાઓને સવારનો સમય ૮ વાગ્યાનો કરવા સુચના આપવામાં આવી છે. એટલે જો કોઈ શાળા સમયમાં ફેરફાર નહીં કરે તો એ શાળાના વર્ગખંડો રદ કરવા તેમજ શાળા સંચાલક સામે પોલીસ ફરિયાદ સુધીની કડક કાર્યવાહી કરવામાં આવશે. બાળકોની સલામતીને પ્રાથમિકતા આપીને શાળા સંચાલકોને નિર્ણય લેવા સુચના આપવામાં આવી છે. ગઈકાલે ઠંડીને કારણે જે બાળાનું મોત થયું હતું. તેના માતા જાનકીબેને એવો રોષ વ્યક્ત કર્યો હતો કે, શાળામાં અન્ય બીજા કોઈ સ્વેટર કે જેકેટ પહેરવા દેવામાં આવતા નથી. આ વિશે પૂછવામાં આવતા શિક્ષણાધિકારીએ સ્પષ્ટતા કરી હતી કે, સ્વેટર એ યુનિફોર્મનો એક ભાગ છે પરંતુ ઠંડીના કારણે બાળકો અન્ય સ્વેટર કે જેકેટ વધુ પહેરવાની જરૂર જણાય તો પહેરી જ શકે છે. તેમાં કોઈ મનાઈ કરી શકાતી નથી. આ અંગે પણ દરેક શાળાને સુચના આપી દેવામાં આવી છે. જિલ્લા શિક્ષણાધિકારી સાથે વાતચીત અને પરિપત્ર બાદ એ હકીકતની નોંધ લેવી પડે કે, અગાઉના પરિપત્રમાં ફરજીયાત શબ્દ ઉમેરવામાં આવ્યો હોત તો કદાચ આ માસુમ બાળાનો જાન બચી ગયો હોત.(૨.૧૨)

# રાજકોટમાં ૫૫થી વધુ વ્યાજખોરો સામે ગુના નોંધાયા, ૪૦થી વધુ વ્યાજખોરની ધરપકડ

## ડોક્ટર સહીત ૨ શખ્સોએ ૧૦ લાખના ૨૫ લાખ માંગ્યા, ૮૦ લાખની જમીન હડપ કરવા દસ્તાવેજ બનાવી લીધા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૮

૧૦ વ્યાજખોર પાસેથી ૨થી ૨૦ ટકાના વ્યાજે ૭.૪૦ કરોડ રૂપિયા લેનાર અંબિકા ટાઉનશિપમાં રહેતા દર્પણ મનસુખભાઇ મણવર નામના યુવાન પાસે વધુ નાણાં પડાવવા જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી છે. એસબીઆઇના જનરલ ઇન્સ્યોરન્સમાં સર્વેયર તરીકે નોકરીની સાથે પ્રીમિયમ ગાડીઓ લઇ વેચાણ કરતા દર્પણભાઇની ફરિયાદ મુજબ, ધંધામાં ખેંચ આવતા તેને ભાવિક ગોવાણી, અંકિત ઉર્ફે બંટી ખંઢેરિયા, હર્ષદ ઉર્ફે મામા સોરઠિયા, રાજ મોરી, વિશ્વરાજસિંહ ચુડાસમા, જીતુ ભલાણી, આશિષ ગોસ્વામી, હિરેન નથવાણી, મનીષ મગન કણસાગરા, હેમલ અશોક મણવર નામના વ્યાજખોરો પાસેથી કુલ રૂ.૭.૪૦ કરોડ ૨થી ૨૦ ટકાના વ્યાજે લીધા હતા.

દસેય વ્યાજખોરો પાસેથી તોતિંગ વ્યાજે નાણાં લીધા બાદ તમામને કુલ રૂ.૪,૯૨,૩૦,૦૦૦ની રકમ ચૂકવી પણ આપી છે. ઉપરોક્ત તમામ વ્યાજખોરોને સમયસર વ્યાજની રકમ ચૂકવવા છતાં તેઓ પોતાની પાસેથી વધુ નાણાં પડાવવા માટે ઘરે આવી ધમકીઓ આપી પરિવારના સભ્યો પર દબાણ લાવી વ્યાજ અને મુદલ રકમ વસૂલવાની માગણી કરી પરેશાન કરી રહ્યા છે. અને જો રકમ નહિ ચૂકવો તો જાનથી મારી નાખવાની ધમકી આપે છે. દરમિયાન વ્યાજખોરો સામેની ઝુંબેશ પોલીસે શરૂ કરતા તમામ સામે તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ૨થી ૨૦ ટકાના વ્યાજે ૭.૪૦ કરોડ લેનારને ૧૦ વ્યાજખોરે ઉઘરાણી કરી ધમકી આપી

રાજકોટ તાલુકાના ત્રંબા ગામે રહેતા અરજણભાઇ નાથાભાઇ માટિયા નામના પ્રૌઢે સરધાર ગામે રહેતા વ્યાજખોર પેથા મયા સુસરા સામે ફરિયાદ નોંધાવી છે. નાણાકીય જરૂરિયાત ઊભી થતા પેથા સુસરા પાસેથી ૨૦૧૮માં ૫ ટકાના વ્યાજે રૂ.૧૪ લાખ લીધા હતા. જેનું દર મહિને રૂ.૭૦ હજાર વ્યાજ ચૂકવતા હતા. ૧૨ મહિના સુધી વ્યાજ ચૂકવ્યા બાદ વધુ જરૂરિયાત ઊભી થતા વધુ ૫ લાખ લીધા હતા. બંનેનું ચાર મહિના સુધી ૧ લાખ વ્યાજ ચૂકવ્યું હતું. આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાને કારણે કેટલાક સમયથી વ્યાજ આપી નહિ શકતા ઘરે આવી વ્યાજની પઠાણી ઉઘરાણી કરી ગાળો ભાંડી પત્ની, પુત્રોને મારી નાખવાની ધમકી આપતો રહેતો હતો. અને કહેતો કે હજુ તારે ૪૦ લાખ રૂપિયા આપવા પડશે. ધમકીથી ગભરાઇ પોતે પુત્ર સાથે અન્ય સ્થળે રહેવા જતા રહ્યા હતા.મૂળ લીલી સાજડીયાળીના અને હાલ મોરબી રોડ પર શ્રીવિલાસ સોસાયટીમાં રહી ઈમિટેશનનો ધંધો કરતા કેશુભાઈ રવજીભાઈ વોરાએ પટેલ ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટના અલ્પેશ ગોપાલભાઈ દોંગા અને ડોક્ટર અભય ડાયાભાઇ મોલીયા સામે ડીસીબી પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ૨૦૧૯ માં ખેત ઓજારોના ધંધામાં નુકશાની જતા પૈસાની જરૂરિયાત ઉભી થતા ખેતીવાડીની જમીનનો દસ્તાવેજ કરાવી દઈ ૧૦ લાખ ૧.૫% વ્યાજે લીધા હતા.

વધુમાં તેમને જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૯ માં કોટડાસાંગાણી સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે જતા ડોક્ટર અભય મોલીયાના નામનો દસ્તાવેજ કરી આપ્યો હતો લોન પૂરી થયા બાદ દસ્તાવેજ પરત કરી આપશે તેવું જણાવ્યું હતું બાદમાં ધંધો બંધ થઇ ગયો હતો અને કોરોના વાયરસ આવી જતા વ્યાજના હપ્તા આપેલ નહિ લોન અંગે વાતચીત કરવા જતા વ્યાજનું વ્યાજ ચડાવી ૩૯ લાખ માંગ્યા હતા તેની ના પાડતા ૨૫ લાખ તો આપવા જ પડશે તેમ કહેતા મેં ૧૫ લાખ આપવાનું કહેતા ૨૫ લાખ નહી આપો



તો જમીનનો દસ્તાવેજ અન્યના નામે કરી નાખીશું તેવી ધમકી આપી હતી. જે બાદ અલ્પેશભાઈએ અમારી જાણ બહાર ૭૫ થી ૮૦ લાખની અમારી જમીનનો દસ્તાવેજ લીલાવંતીબેન પ્રવીણભાઈ વિરડીયાના નામે કરી નાખ્યો હોવાનું જાણવા મળ્યું હતું જેથી આ અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે વ્યાજખોરી અંગે નિવેદન આપતા રાજકોટ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે જણાવ્યું હતું કે, લોકદરબાર બાદ વ્યાજખોરો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. અત્યારસુધીમાં ૩૬ ફરિયાદ નોંધી ૫૪ લોકોની અટકાયત કરવામાં આવી હતી. લોકદરબારમાં કુલ ૬૦ અરજી મળી હતી જેમાં ૩૬ અરજીમાં ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ૧૧ મહિનાના કરારથી ફ્લેટ ભાડેથી મેળવી ૬ વર્ષથી કબજો જમાવી દીધો

**રૂ.૨૦ લાખનો ફ્લેટ પચાવી પાડનાર સામે ગુનો નોંધાયો**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ.તા.૧૮

શહેરના મોચીબજારમાં રહેતા કાસમભાઇ વલીભાઇ તરકવાડીયા (ઉ.વ.૮૦)એ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે આસીફ મયુદીન શેખનું નામ આપ્યું હતું. કાસમભાઇએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, કૃષ્ણ સિનેમાં પાસે મમરાવાલા ચેમ્બર નામના એપાર્ટમેન્ટમાં બીજા માળે આવેલો ફ્લેટ તેમણે વર્ષ ૨૦૦૪માં ખરીદ કર્યો હતો,

વર્ષ ૨૦૧૫માં આસીફ મયુદીન શેખને ૧૧ મહિનાના ભાડા કરારથી રૂ.૫ હજારના ભાડે ફ્લેટ આપ્યો હતો, ૧૧ માસનો કરાર પુરો થતા કાસમભાઇએ ફ્લેટ ખાલી કરી આપવાનું કહેતા ભાડુઆત આસીફે ભાડેથી ફ્લેટ ચાલુ રાખવો હોય તો રાખો તેમ કહી બીજો ભાડા કરાર કરી આપ્યો નહોતો એટલું જ નહી. ત્યારથી ભાડું આપવાનું પણ બંધ કરી દીધું હતું.૨૦૧૮માં કાસમભાઇએ ભાડુઆત આસીફ વિરૂધ્ધ પોલીસમાં ફરિયાદ કરતાં આસીફે તે સમયે ત્રણ મહિનામાં મકાન ખાલી કરી દેશે તેવું નોટરાઇઝ કબુલાત કરી આપ્યું હતું પરંતુ ત્યારબાદ પણ તેણે ફ્લેટ ખાલી કર્યો નહોતો, અને આજ સુધીનું રૂ.૩.૬૦ લાખ ભાડું પણ ચુકવ્યું નહોતું, અંતે પોલીસે કાસમભાઇની ફરિયાદ પરથી ગુનો નોંધી આસીફની શોધખોળ શરૂ કરી હતી.

## નિવૃત્ત શિક્ષકને અજાણ્યા શખ્સ પર વિશ્વાસ રાખવો ભારે પડ્યો

# આઇસ્ક્રીમની દુકાનમાં કામ કરતો શખ્સ રોકડ અને સ્કૂટર લઇ ફરાર

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૧૮

નિવૃત્ત શિક્ષકને ઘર પાસેની આઇસક્રીમની દુકાનમાં કામ કરતા શખ્સ પર વિશ્વાસ રાખવો ભારે પડ્યો છે. મવડી વિસ્તારના વૃંદાવન વાટિકા-૩માં રહેતા ધીરજલાલ મેઘજીભાઇ પોકળ નામના નિવૃત્ત શિક્ષકે લક્કીરાજ જાડેજા નામના શખ્સ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, ૨૦૦૫માં શાપરમાં અઢી લાખ એડવાન્સ આપી એક ફ્લેટ બુક કરાવ્યો હતો.

બાદમાં દર મહિને ૧૦ હજાર અને ત્યાર બાદ રૂ.૯૦ હજાર મળી કુલ રૂ.૫ લાખની રકમ બિલ્ડર હિતેશભાઇ વોરાને ચૂકવી હતી. બાદમાં આર્થિક ખેંચને કારણે ૨૦૦૮માં ફ્લેટનું બુકિંગ રદ કરાવ્યું હતું. ત્યારે પોતે બિલ્ડરને ફોન કરવા છતાં તે ફોન ઉપાડતા ન હોવાને કારણે ઘર પાસે આવેલી ખુશ્બુ આઇસક્રીમ નામની દુકાનમાં કામ કરતા લક્કીરાજ જાડેજાના મોબાઇલનો ઉપયોગ કરી બિલ્ડર સાથે વાત કરી હતી. લક્કીરાજની ભત્રીજા તરીકે ઓળખ આપી હતી. તા.૪-૯ અને ૧૭-૧૦નાં રોજ પોતે અને લક્કીરાજ બિલ્ડર પાસેથી બે તબક્કે રૂ.૨ લાખ લઇ આવ્યા હતા. જેમાંથી ૪૫ હજાર લક્કીરાજને ઉછીના આપ્યા હતા.

દરમિયાન સોમવારે ફરી લક્કીરાજ સાથે બિલ્ડર પાસેથી રૂ.૧ લાખ લઇને ઘરે આવ્યા હતા. શાપરથી સાંજે ઘરે પહોંચતા ઘરની ડેલી બંધ હતી. ત્યારે લક્કીરાજે પોતાને ડેલી ખોલવાનું કહેતા પોતે ડેલી ખોલવા જતા લક્કીરાજ ડેકીમાં રાખેલા રૂ.૧ લાખ સાથેનું સ્કૂટર લઇ નાસી ગયો હતો. ત્યાર બાદ તેને ફોન કરતા તેનો ફોન બંધ થઇ ગયો હતો. લક્કીરાજ ક્યાનો છે, ક્યાં રહે છે તે અંગે કોઇ પોતાની પાસે વિગત ન હોય પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# રાજકોટ ગ્રામ્ય એસઓજી અને જામનગરના એએસઆઈ રૂા.૩૫ હજારની લાંચ લેતાં ઝડપાયા

## ધોરાજીના આરોપીનું નામ ફરિયાદમાંથી કાઢી નાખવા ૫૦ હજારની માગણી કરી હતી, જામનગરમાં એસીબીનું સફળ છટકું

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૧૮

રાજકોટ ગ્રામ્ય એસઓજીના એએસઆઈ અને જામનગર શહેરના એક એએસઆઈ રૂા.૩૫ હજારની લાંચ લેતાં જામનગરમાં એસીબીના હાથે ઝડપાઈ જતાં પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. આ બન્ને પોલીસ કર્મચારીઓએ ધોરાજીના એક કેસમાં આરોપીનું નામ ફરિયાદમાંથી કાઢી નાંખવા માટે રૂા.૫૦ હજારની લાંચ માંગી હતી. જેમાં બાંધછોડના અંતે રૂા.૩૫ હજારની લાંચ આપવાનું નક્કી કરાયું હતું. ગત મોડીરાત્રે બન્ને પોલીસ કર્મચારી રૂા.૩૫ હજારની લાંચ લેતાં ઝડપાઈ ગયા હતાં.

એસીબીમાંથી મળતી માહિતી મુજબ, ધોરાજીના એક કેસમાંથી આરોપીનું નામ કાઢી નાખવા માટે જામનગરના એએસઆઈ હમીદ જુસબ પરીયાણી તથા રાજકોટ ગ્રામ્ય એસઓજીના એએસઆઈ પરવેઝ સમા રૂા.૩૫ હજારની લાંચ લેતાં ઝડપાઈ ગયા છે અને બન્નેની ધરપકડ કરી લેવામાં આવી છે.

આ સમગ્ર કેસ એવો છે કે ધોરાજીમાં એક ગુનામાં ફરિયાદીનું નામ બહાર આવ્યું હોય જે ફરિયાદમાંથી ધોરાજીના વ્યક્તિનુ નામ કાઢવા માટે રાજકોટ ગ્રામ્ય એસઓજીનાં એએસઆઈ પરવેઝ સમાએ રૂા.૫૦ હજારની લાંચ માંગી હતી. રકઝકના અંતે ૩૫ હજાર રૂપિયા નક્કી થયા હતાં. જે રકમ જામનગર પાસે આપવાનું નક્કી થયું હતું. રાજકોટ ગ્રામ્ય એસઓજીનાં એએસઆઈ પરવેઝ સમાના બેચમેન્ટ અને તેના મિત્ર જામનગર સિટીમાં ફરજ બજાવતાં એએસઆઈ હમીદ જુસબ પરીયાણીને આ લાંચની રકમ લેવા માટે પરવેઝ સમાએ વાત કરી હતી.

આ અંગે ફરિયાદીએ જામનગર એસીબીમાં ફરિયાદ કરી હોય જેના આધારે એસીબીના એન.આર.ગોહિલ અને તેની ટીમે છટકુ ગોઠવ્યું હતું. રાજકોટ ગ્રામ્ય એસઓજીના એએસઆઈ પરવેઝ સમાના કહેવાથી લાંચ લેવા ગયેલા જામનગર ઉદ્યોગનગર પોલીસ ચોકીના જમાદાર હમીદ જુસબ પરીયાણી ૩૫ હજારની લાંચ લેતાં રંગેહાથ ઝડપાઈ ગયો હતો જેની પુછપરછમાં પરવેઝ સમાનું નામ ખુલતાં બન્નેની ધરપકડ કરવામાં આવી છે. આ અંગેની વધુ તપાસ રાજકોટ એસીબીના પીઆઈ એ.આર.ગોહિલને સોંપવામાં આવી છે.

# પોલીસ કમિશનર કચેરીની સામે પડેલી કારમાંથી દારૂનો જથ્થો મળ્યો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૧૮

સીપી કચેરી બહાર એક કાળા કાચવાળી કાર પાર્ક કરેલી હોય તે ચેક કરવા પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે હુકમ કરતા પ્ર.નગર પોલીસ મથકના પીઆઈ વસાવા સહિતનો સ્ટાફ દોડી ગયો હતો તે ચેક કરતા અંદરથી ૬૮ બોટલ દારૂ મળી આવતા પોલીસે કાર, દારૂ કબ્જે કરી ગુનો નોંધી તપાસ હાથ ધરતા ટ્રાફિક વોર્ડન કરણની સંડોવણી બહાર આવી હતી. જેના પગલે પોલીસે કરણને સકંજામાં લઈ વધુ પુછપરછ હાથ ધરી છે.પીઆઇ વસાવાએ જણાવ્યું હતું કે, કારમાંથી દારૂનો જથ્થો મળ્યો છે તેમજ કારની આરસી બુક મળી છે તેમાં અમદાવાદના કલ્યાણપુરાના મુકેશ મગન ઠાકોરનું નામ લખાયેલું છે, પો.કમિશનર રાજુ ભાર્ગવ જ્યાં બેસે છે તે તેમની ઓફિસથી માત્ર ૧૦૦ મીટરના અંતરથી જ દારૂ ભરેલી કાર ઝડપાતા પોલીસબેડામાં સોપો પડી ગયો હતો, અને પોલીસ કર્મચારીઓમાં તરેહ તરેહની ચર્ચાઓ શરૂ થઇ હતી.

# ૬૯૬ બોટલ દારૂ સાથે ત્રણને દબોચી લેતી ક્રાઇમ બ્રાન્ચ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૧૮

શહેરની ભાગોળે લોઠડા ગામે આવેલ બજરંગ ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં શેડ ભાડે રાખી દારૂનુ કટીંગ થતુ હોવાની બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચની ટીમે દરોડો પાડી ગંજીવાડાના નામચીન બુટલેગર સહીત ત્રણ શખ્સોને દબોચી લઈ રૂા.૫ લાખનો મુદામાલ કબ્જે કર્યો છે. આ અંગેની માહિતી મુજબ ક્રાઈમ બ્રાંચના પીઆઈ બી ટી ગોહીલની સુચનાથી હેડકોન્સ્ટેબલ ભરતસિહ પરમાર, કોન્સ્ટેબલ રોહીત કછોડ, સહદેવસિહ, જયપાલભાઈ, રણજિતસિંહ સહિતનો સ્ટાફ રાત્રીપેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે લોઠડા ગામે આવેલ બજરંગ ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં દારૂના મોટા જથ્થાનું કટીંગ બુટલેગરો મારફતે થવાનું હોય જેથી ક્રાઈમ બ્રાંચની ટીમે વોચ ગોઠવી હતી. તે દરમિયાન ભાવનગર રોડ પર આવેલ ગંજીવાડામાં રહેતો અને અગાઉ અનેકવાર પોલીસ ચોપડે ચડી ચુકેલો હીપાલ દેવજી ગોહેલ, નવા થોરાળા અવધપાર્ક શેરી નં.-૪માં રહેતો ઋત્વીક વિનોદ મકવાણા, રામનગર



શેરી નં.-૯માં રહેતો નરેશ મનસુખ વાઘેલા સહીત ત્રણ શખ્સો કાર નં.જીજે૬ સીબી ૯૯૦૮માં લોઠડા ગામે બજરંગ ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં આવેલ શેડ નં.-૭માં દારૂ ભરવા આવતા ક્રાઈમ બ્રાંચની ટીમે દબોચી લઈ સ્થળ પરથી વિદેશી દારૂની ૬૯૬ બોટલ સહિત કુલ રૂા.૫ લાખનો મુદામાલ કબ્જે કરી ઝડપાયેલ ત્રણેય શખ્સોની આકરી પુછપરછ કરતા ગંજીવાડામાં રહેતો રજાક ઉર્ફે ડોકટર શાહમદાર નામના શખ્સે દારૂનો જથ્થો મગાવ્યો હોવાની કબુલાત આપતા પોલીસે તેની શોધખોળ શરૂ કરી છે.



# ભોમેશ્વર મંદીરમાંથી દાનપેટીની ચોરીમાં બેની ધરપકડ

## સીસીટીવી ફુટેજના આધારે ભેદ ઉકેલાયો

રાજકોટ: હાલમાં ગાંધીગ્રામ પો.સ્ટે વિસ્તારમાં ભોમેશ્વર મંદીરમાંથી દાનપેટીની ચોરી થયેલ હોય જેથી પો.સ્ટે.ના ડી-સ્ટાફ પો.સ.ઇ. જેજી રાણા તથા ડી-સ્ટાફના માણસો દ્વારા મંદીરમાં લાગેલ સી.સી.ટી.વી. કેમેરા ચેક કરતા અગાઉ અક્ષરનગર શેરી નં.૨ માં રાધા ક્રિષ્ના મંદીરની દાન પેટીમાં ચોરીની કોષીશ કરનાર આરોપીઓ મંદીર ચોરીમાં સામેલ હોય જેથી આરોપીઓને શોધી પકડી પાડી આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરેલ છે. ચોરીમાં મેહુલ ધનજીભાઇ જેઠવા અને રવિ પુરનબહાદર સાહીની ધરપકડ કરાઇ હતી. સમગ્ર કામગીરી પોલીસ ઇન્સ્પેકટર એમ એસ રાણે જે.જી.રાણા તથા પો.હેડ.કોન્સ ખોડુભા જાડેજા, તથા પો.હેડકોન્સ સલીમભાઇ મકરાણી તથા પો.કોન્સ ભરતભાઇ ચૌહાણ તથા ગોપાલભાઇ પાટીલ તથા કનુભાઈ બસીયા તથા ગોપાલભાઇ બોળીયા તથા અર્જુનભાઇ ડવ તથા દિનેશભાઇ વહાણીયા દ્વારા કરાઇ હતી.

# બામણબોર પાસેથી ૩૮૫ પેટી દારૂ ભરેલી ટ્રક ઝડપી પાડતી એરપોર્ટ પોલીસ





## ટ્રકમાં કોલસાની આડમાં દારૂ લઈ અવાતો'તો, ચોરખાનું પોલીસે ખોલતાં જ દારૂનો જથ્થો મળી આવ્યો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ.તા.૧૮

શહેરની ભાગોળે બામણબોર નજીકથી વધુએક દારૂ ભરેલી ટ્રક પોલીસે પકડી લીધી હતી, અમૃતસરથી નીકળેલી ટ્રક બૂટલેગર સુધી પહોંચે તે પહેલા એરપોર્ટ પોલીસે ૩૮૫ પેટી દારૂ ભરેલી ટ્રક ઝડપી ચાલક રાજસ્થાની શખ્સની ધરપકડ કરી હતી, પોલીસે દારૂ અને ટ્રક સહિત કુલ રૂ.૨૯.૭૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ચોટીલા તરફથી આવી રહેલી ટ્રકમાં વિદેશી દારૂનો જથ્થો હોવાની માહિતી મળતાં એરપોર્ટ પોલીસ સ્ટેશનના પીઆઇ એમ.એ.ઝણકાંત સહિતની ટીમે વોચ ગોઠવી હતી, નિયત વર્ણન વાળી ટ્રક બામણબોર પહોંચતા જ પોલીસે તેને અટકાવી હતી, પોલીસે ટ્રકના ઠાઠામાં તપાસ કરતાં કોલસો જોવા મળ્યો હતો, દારૂની ચોક્કસ માહિતી હોવાથી પોલીસે કોલસો દૂર કરી તપાસ કરતાં જ એક ચોરખાનું જોવા મળ્યું હતું તે ખોલતાં જ અંદરથી રૂ.૧૯,૪૧,૩૦૦ની કિંમતની ૪૬૨૦ બોટલ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂ અને ટ્રક સહિત કુલ રૂ.૨૯,૭૧,૩૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે ટ્રકચાલક રાજસ્થાનના કલજીકી બેરી ગામના જેઠારામ હિરારામ જાખડ (ઉ.વ.૨૨)ની ધરપકડ કરી હતી. જેઠારામે પોલીસ સમક્ષ કેફિયત આપી હતી કે, અમૃતસરથી દારૂ ભરેલી ટ્રક લઇને રવાના થયો હતો, સપ્લાયર લોકેશન આપતો હતો તેમ તે આગળ વધતો હતો,

## દારૂ મગાવનારનું નામ આ વખતે ખૂલશે કે પછી અગાઉની જેમ ભીનું સંકેલાઇ જશે?

દારૂ કોને અને ક્યાં આપવાનો હતો તેનાથી તે અજાણ હતો, નવું લૉકેશન મળે તે પહેલા બામણબોર નજીક પોલીસે ઝડપી લીધો હતો, અત્રે ઉલ્લેખનીય છેકે, પંદરેક દિવસ પૂર્વે સ્ટેટ મોનિટરિંગ સેલે એક અને એરપોર્ટ પોલીસે એક દારૂ ભરેલી ટ્રક ઝડપી લીધી હતી તે બંને ટ્રક પણ અમૃતસરથી દારૂ ભરીને નીકળી હતી, આ મામલાની તપાસ ક્રાઇમ બ્રાંચને સોંપવામાં આવી છે પરંતુ કહેવાતા ક્રાઇમ બ્રાંચના જાંબાઝ અધિકારીઓ હજુ સુધી એ દારૂ કોણે મગાવ્યો હતો તે શોધી શક્યા નથી, આજે પકડાયેલો દારૂ કોનો હતો તે ખૂલશે કે કેમ તે આગામી દિવસોમાં સ્પષ્ટ થઇ જશે.



**કોસ્મો ચોકડીએથી મળી આવેલ મોબાઇલ મુળ માલીકને પરત કરતી રાજકોટ શહેર ટ્રાફીક પોલીસ**

# ઝોન-૧ એલસીબી ટીમે રતનપર ગામે દારૂ ભરેલી વાન સાથે બુટલેગરની કરી ધરપકડ




**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**રાજકોટ.તા.૧૮

ડીસીપી ઝોન-૧ એલસીબી ટીમના પીએસઆઈ બી વી બોરીસાગર, પીએસઆઈ આર એચ કોડીયાતર, હેડકોન્સ્ટેબલ વીજેન્દ્રસિહ,ધર્મરાજસિંહ સહીતનો સ્ટાફ મોરબી રોડ પર પેટ્રોલીંગમા હતા તે દરમિયાન રતનપર ગામે રામધામ સોસાયટી પાસે ઈકો કાર નં.જીજે૧૫ એ ૮૪૦૨માં રતનપરનો બુટલેગર કુલદિપસિંહ નરેન્દ્રસિંહ જેઠવા નામનો શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેને અટકાવી કારની તલાશી લેતા વિદેશી દારૂની ઓલસીઝન ગોલ્ડ વીસ્કી ૩૧૨, મેકડોનાલ્ડ નંબર ૧ ૪૮ અને મેકડોનાલ્ડના ચપલા ૩૮૪ મળી કુલ રૂા.૩.૨૦ લાખનો મુદામાલ કબ્જે કરી બુટલેગર કુલદિપસિહ જેઠવાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
Web: www.saurashtrakranti.com
saurashtrakranti


## રાજકોટ જિલ્લામાં ઠંડીના કહેર સામે વહીવટી તંત્રએ આગોતરી તૈયારી આરંભી

# ખુલ્લામાં સૂતા લોકોને રેનબસેરામાં ખસેડાશે : કામચલાઉ આશ્રય સ્થાન ઊભા કરાશે

## દવાખાના,હોસ્પિટલોમાં સ્ટાફ તહેનાત, દવાઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ, શાળાનો સમય બદલાયો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

સમગ્ર રાજ્યમાં આગામી ચાર-પાંચ દિવસ શીતલહેરની આગાહી છે, ત્યારે જિલ્લા કલેક્ટર અરૂણ મહેશ બાબુના નેતૃત્વમાં વહીવટી તંત્ર યુદ્ધના ધોરણે એક્શનમાં આવી ગયું છે.નિવાસી અધિક કલેક્ટર કેતન ઠક્કર (આઈ.એ.એસ.)ના અધ્યક્ષ સ્થાને શીતલહેર સામે તકેદારીના પગલાં લેવા તાકીદની બેઠક યોજાઈ હતી. જેમાં શીતલહેર સામે ઝીરો કેઝ્યુઆલિટીની નીતિ સાથે બહુ આયામી એક્શન પ્લાન બનાવીને કાર્ય કરવા સૂચના આપવામાં આવી હતી.

ઠક્કરે જિલ્લાના તમામ નાયબ કલેક્ટરો, મામલતદારો,તાલુકા વિકાસ અધિકારીઓ, આરોગ્ય અધિકારીઓ, પાલિકા તેમજ મહાનગર પાલિકાના અધિકારીઓ દ્વારા અત્યાર સુધીમાં લેવાયેલા પગલાંની સમીક્ષા કરી હતી. તેમજ આગામી દિવસોમાં શીતલહેરના પ્રકોપ સામે નાગરિકોને જાગૃત કરીને, તેમની સલામતી માટે સ્થાનિક તંત્ર કેવાં કેવાં પગલાં લેશે તેની પૃચ્છા કરી હતી.

ઠક્કરે રાજકોટ જિલ્લાના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં રાત્રિ ડ્રાઈવ કરીને ખુલ્લામાં સૂતા લોકોને રેનબસેરામાં ખસેડવા અને કોઈપણ નાગરિક ખુલ્લામાં ના સૂવે તે જોવા ખાસ સૂચના આપી હતી.

જો ગ્રામીણ કે નગર-પાલિકા વિસ્તારોમાં રેનબસેરાના હોય તો,સ્કૂલ કે સમાજની વાડીઓમાં કામચલાઉ આશ્રય-સ્થાન ઊભા કરવા કહ્યું હતું. વાડી વિસ્તારોમાં ખેતમજૂરો ખુલ્લામાં ના સૂવે અને તેમના માટે નજીકમાં રાત્રિ રોકાણની વ્યવસ્થા કરવા સૂચન કર્યું હતું. આ સાથે મેડિકલ ટીમ દ્વારા રેનબસેરામાં રહેતા લોકોના આરોગ્યની સવાર-સાંજ નિયમિત તપાસ કરવા કહ્યું હતું. નિવાસી અધિક કલેક્ટરએ જિલ્લામાં આરોગ્ય વિભાગની કામગીરીની તૈયારીઓની સમીક્ષા કરી હતી. જેમાં દવાખાનાઓ, સામુદાયિક આરોગ્ય કેન્દ્રોમાં સ્ટાફ તહેનાત રાખવા, પૂરતી દવાઓનો જથ્થો રાખવા, ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ તૈયાર રાખવા જણાવ્યું હતું. ઠંડીમાં બાળકો અને વૃદ્ધોને સૌથી વધુ અસર થતી હોય છે ત્યારે તેઓ બહારના નીકળે તે માટે લોકોને જાગૃત કરવા તેમજ શીતલહેર સામે સાવધ કરવા સ્થાનિક સ્તરે તલાટી, સરપંચો,ગ્રામ પંચાયતના સભ્યો, હેલ્થવર્કરો, આશાવર્કરો, આંગણવાડી બહેનો દ્વારા ડોર ટુ ડોર સંપર્ક કરવા કહ્યું હતું. પશુઓને પણ ઠંડીમાં તકલીફ ના પડે તે માટે પશુપાલકોને જાગૃત કરીને યોગ્ય વ્યવસ્થા કરવા તેમણે પશુપાલન વિભાગના અધિકારીને જણાવ્યું હતું.

તેમણે તમામ નાયબ કલેક્ટરોને તેમના વિસ્તારના વિવિધ વિભાગોના અધિકારીઓ, કર્મચારીઓની ટીમ સાથે તત્કાલ બેઠક યોજીને શીતલહેર સામેનો એક્શન પ્લાન અસરકારક રીતે અમલ કરવા સૂચના આપી હતી.ખાસ કરીને મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ, તાલુકા આરોગ્ય અધિકારીઓને સતત ફીલ્ડ વર્ક તેમજ ટીમ સાથે સંકલનમાં રહીને સાબદા રહેવા જણાવ્યું હતું.

રાજકોટ શહેરમાં ૬ રેનબસેરા છે,જેમાં ૧૧૦૦ થી વધુ લોકોના રોકાણની વ્યવસ્થા છે.જ્યારે જિલ્લાના નગરો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં જ્યાં જરૂર છે,ત્યાં કામચલાઉ રેનબસેરા શરૂ કરી દેવામાં આવ્યા છે. જિલ્લામાં જરૂરી દવાઓનો પૂરતો સ્ટોક છે. તેમજ આરોગ્યનો સ્ટાફ પણ દવાખાનામાં તહેનાત કરી દેવામાં આવ્યો છે. ઉપરાંત જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ખાનગી તેમજ સેવાભાવી સંસ્થાઓ સાથે સંકલનમાં રહીને ગરીબોને જરૂરિયાત મંદોને ધાબળા વિતરણ સહિતની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે,તેમ વિવિધ વિસ્તારના અધિકારીઓ દ્વારા જણાવાયું હતું.

આ બેઠકમાં પ્રાંત અધિકારી કે.જી ચૌધરી,સંદીપ વર્મા, વિવેક ટાંક, નાયબ જિલ્લા વિકાસ અધિકારી બ્રિજેશ કાલરિયા,મામલતદાર રૂદ્ર ગઢવી, કે.કે.કરમટા,જાનકી પટેલ,રાજકોટ મહાનગર પાલિકા,આરોગ્ય વિભાગ, પશુપાલન વિભાગ સહિતના વિવિધ વિભાગના અધિકારીઓ જોડાયા હતા જ્યારે જસદણ,ગોંડલ, ધોરાજી,જેતપુર સહિતના વિસ્તારના અધિકારીઓ ઓન લાઈન જોડાયા હતા. શાળાનો સમય બદલાયો છે.

# રૈયા ગામમાં રવિવારે યોજાશે સર્વરોગ નિદાન કેમ્પ

## સાર્વજનિક સેવા સમિતિ અને ગોકુલ હોસ્પિટલના સંયુકત ઉપક્રમે આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

સાર્વજનિક સેવા સમિતિ અને ગોકુલ હોસ્પિટલના સંયુકત ઉપક્રમે રૈયા ગામમાં રવિવારે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરાયું છે.

ડો.પ્રકાશ મોઢાની ગોકુલ હોસ્પિટલ અને સાર્વજનિક સેવા સમિતિના સંયુકત ઉપક્રમે સુપર સ્પેશિયાલિસ્ટ ડોકટરોની નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ રૈયાગામ ખાતે તા.૨૨ ના રવિવારે સવારે ૯:૩૦ થી ૧૨, સરકારી શાળા નં.૮૯, રૈયાગામ, રાજકોટ ખાતે યોજાયેલ છે.

કેમ્પમાં સુપર સ્પેશિયાલિસ્ટ ડોકટરો ડો.ત્રિશાંત ચોટાઇ મગજ અને કરોડરજ્જુની સર્જરીના નિષ્ણાંત ડો.કાર્તિક કાછીયા તાણ-આંચકી,મગજ અને જ્ઞાનતંતુના રોગો અને પેરાલીસીસના નિષ્ણાંત ડો.હિરેન વાઢીયા ફિઝીશીયન, બી.પી., ડાયાબીટીશ, ફેફસાના રોગો અને ગંભીર રોગોના નિષ્ણાંત ડો.કલ્પેશ બજાણીયા ઓર્થોપેડિક તેમજ મણકાં અને કરોડરજ્જુની સર્જરીના નિષ્ણાંત ડો.નરેશ સાપરિયા કિડની, પ્રોસ્ટેટ,પથરી તથા મૂત્રમાર્ગના નિષ્ણાંત ડો.મહિપાલ ચૌહાણ ડો.યોગેશ દવે બાળરોગ અને બાળકોના આઇ.સી.યુ.ના નિષ્ણાંત ડો.સાગર લાલાણી બાળકોના મગજ તથા જ્ઞાનતંતુ અને વાઇના નિષ્ણાંત ડો.શાદ લાલાણી કાન, નાક, ગળાના નિષ્ણાંત સર્જન ડો.પૂજા ચૌબે રાદડિયા મો,જડબા તેમજ દાંત અને પેઢાના રોગોના નિષ્ણાંત ડોકટરો નિઃશુલ્ક સેવા આપશે.

ગોકુલ હોસ્પિટલ,કુવાડવા રોડ, રાજકોટ ખાતે મુખ્યમંત્રી અમૃતમ અને આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત હૃદયરોગ, જોઇન્ટ રીપ્લેસમેન્ટ, કિડની મૂત્રમાર્ગ અને મણકા તથા કરોડરજ્જુની સર્જરીના રોગોની નિઃશુલ્ક સારવાર આપવામાં આવે છે. રજીસ્ટ્રેશન સ્થળ ઉપર જ કરવાનું હોય દર્દીઓએ સવારે ૮ વાગ્યે આવી જવું અને વધુ માહિતી માટે રાજુભાઇ જુંજા મો.૯૮૯૮૧ ૦૨૪૭૨ ઉમીશભાઇ વૈષ્ણવ મો.૯૮૨૪૦૩૫૭૦૮ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

આ સેવા કેમ્પને સફળ બનાવવા રાજુભાઇ જુંજા, ગોવિંદભાઇ બાંભવા, મોમભાઇ બાંભવા, નારણભાઇ લાંબરીયા, સતુભાઇ લાંબરીયા, ભરતસિંહ ચુડાસમા, ગંભીરસિંહ ચાવડા, મગનભાઇ સાકરીયા, દર્શનભાઇ પંડયા, સોનલબેન ડાંગરીયા, હિરેનભાઇ દુધાત્રા, દિગેશભાઇ વાઘેલા,કરણ જુંજા,ધનરાજ ઝાલાવડીયા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# જી- ૨૦ લોગોની રંગોળી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

આપણો દેશ યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના કુશળ વહીવટમાં વિશ્વના જી-૨૦નું નેતૃત્વ કરી રહ્યું છે તે આપણા માટે ગૌરવનો વિષય છે. ત્યારે આ ગૌરવવંતા પ્રસંગે શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ કીરણબેન માકડીયા, મહામંત્રી કીરણબેન હરસોડા, લીનાબેન રાવલની આગેવાની હેઠળ શહેરના તમામ વોર્ડમાં મહિલા મોરચા દ્વારા જી-૨૦ અંતર્ગત રંગોળી, પ્લે કાર્ડ, મહેંદી જેવા કાર્યક્રમો યોજાયા હતા. તે અંતર્ગત વોર્ડ નં. ૧૭ના ભાજપના કોરપોરેટર ક્રિર્તીબા રાણા દ્વારા વોર્ડમાં આવેલ ભવનાથ મંદિર ખાતે જી-૨૦



લોગોની રંગોળી બનાવી આ ગૌરવવંતી ક્ષણનું અભિવાદન કરાયું હતું.

આ તકે વોર્ડના કોર્પોરેટર ક્રિર્તીબા રાણા, વિનુભાઈ ઘવા, યોગેશ ભટ્ટ, શહેર ભાજપ મહિલા મોરચાના મહામંત્રી લીનાબેન રાવલ, સીમાબેન ચંદાવત, ઈલાબેન પરમાર, ગીતાબેન પરમાર સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાતમાં વીજળી ફરી મોંઘી બની...

# વીજદરમાં યુનિટદીઠ ૨૫ પૈસાનો વધારો ઝીંકાયો, ચાલુ માસથી જ અમલ

## ગુજરાતના ૧.૪૦ કરોડ વીજગ્રાહકો પર દર મહિને ૧૬૭.૫૦ કરોડનો નવો બોજ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા ગુજરાતના વીજ વપરાશકારોને માથે પ્રતિ યુનિટ ૨૫ પૈસાનું ફ્યુઅલ સરચાર્જના નામે વધારો જીકી દેવાયો છે પરિણામે ગ્રાહકોને માથે દર મહિને ૧૬૭.૫૦ કરોડનો બોજ આવશે અને વાર્ષિક ૨૦૧૦ કરોડના વધારાનો ખર્ચ ફ્યુઅલ સરચાર્જના નામે જીકી દેવાયો છે. આ વધારો જાન્યુઆરી માસથી સરકારી ઔધોગિક અને રહેણાંક કેટેગરીના તમામ વીજ ગ્રાહકોને લાગુ કરવામાં આવશે. પરિણામે ત્રણ કેટેગરીના આશરે ૧ કરોડ ૪૦ લાખ વીજ ગ્રાહકો પર જબરદસ્ત બોજ આવશે.

ફ્યુઅલ સર ચાર્જમાં આ વધારો મંજૂર કરવાના પરિણામે ચાર વીજ વિતરણ કંપનીઓને ફ્યુઅલ ચાર્જ વધુ વસૂલવા પરિપત્ર જાહેર કરી દેવાયો છે. ગ્રાહકો પાસેથી યુનિટ દીઠ રૂપિયા ૨.૬૦ લેખે ફ્યુઅલ સરચાર્જ વસુલાતો હતો હવે ૨.૮૫ પૈસા આ સરચાર્જ વસૂલવાને મંજૂરી આપવામાં આવી છે.

૧૫ પૈસા પ્રતિ યુનિટ વધારાનો ચાર્જ તરીકે અને ૧૦ પૈસા પ્રતિ યુનિટ ઓટો રિકવરી પેટે વસૂલવા જણાવાયું હતું. આ ફ્યુઅલ ચાર્જનો વધારો જાન્યુઆરી ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૩ સુધી ત્રણ મહિના વસૂલવાની મંજૂરી આપવામાં આવી છે. રાજયના કૃષિ ગ્રાહકોને આ વધારામાંથી મુકિત આપવામાં આવી છે. પહેલી એપ્રિલ ૨૦૨૩ થી નવો ટેરીફ રેટ તથા નવો ફ્યુઅલ સરર્ચાજ રેટ અમલમાં આવશે. આ સંદર્ભમાં સાથે ચારેય સરકારી વીજ કંપનીઓએ ૨૦૨૩-૨૪ ના ટેરીફ નિર્ધારણ માટે જર્ક સમક્ષ પિટિશન કરી હતી.

અત્રે નોંધવું જરૂરી છે કે, છેલ્લા એક વર્ષ દરમિયાન રાજયમાં ફ્યુઅલ સર ચાર્જના નામે યુનિટ દીઠ ૭૫ પૈસાનો વધારો ઝીકવામાં આવ્યો છે. હાલમાં જાન્યુઆરી માસથી વીજ બિલમાં ફ્યુઅલ ચાર્જમાં ૨૫ પૈસાનો વધારો લાગુ કરાયો છે. તેમ જાણવા મળ્યું છે.(૯)

# રાષ્ટ્રીય ભાજપ અધ્યક્ષ તરીકે જે.પી. નડ્ડાજીનો કાર્યકાળ જૂન ૨૦૨૪ સુધી લંબાવાયો

### નિર્ણયને આવકારી અભિનંદન આપતા જિલ્લા પંચાયત પ્રમુખ ભુપતભાઈ બોદર





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮: રાજકોટ જીલ્લા પંચાયતના પ્રમુખ ભુપતભાઈ બોદરએ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે જેપી નડ્ડાનો કાર્યકાળ જૂન ૨૦૨૪ સુધી લંબાવ્યો છે.ત્યારે આ નિર્ણયને આવકારી જે.પી. નડ્ડાજીને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, જે.પી.નડ્ડાજીએ જૂન ૨૦૧૯ માં પાર્ટીની કમાન સંભાળી હતી અને સમગ્ર દેશમાં પીએમ મોદીની લોકપ્રિયતા વધારવામાં જે.પી. નડ્ડાજીએ પણ યોગદાન આપ્યું છે. જે.પી. નડ્ડાજીના નેતૃત્વમાં સમગ્ર સંગઠને એકજૂથ થઈને કામ કર્યું છે. કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન લોકોની સેવા કરવામાં જે.પી.નડ્ડાજીના નેતૃત્વની પ્રશંસા કરતા ભુપતભાઈ બોદરએ જણાવ્યું હતું કે, વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી એવી ભારતીય જનતા પાર્ટીનો પ્રત્યેક કાર્યકતા એકબીજા સાથે પારિવારિક ભાવનાથી જોડાયેલો છે ત્યારે ભાજપ પાસે નિષ્ઠાવાન,સમર્પિત અને મુલ્યવાન કાર્યકર્તાઓની વિશાળ ફૌજ છે.દેશમાં એકમાત્ર ભાજપ જ કાર્યકર્તાઓનો પક્ષ ગણાય છે.ત્યારે જેપી નડ્ડાજીના નેતૃત્વમાં પાર્ટીએ ઘણા રાજ્યોમાં ચૂંટણી જીતી છે. તેમના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીએ તેની પહોંચ અને ખ્યાતિ વધારી છે ત્યારે આગામી ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પાર્ટી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને નડ્ડાજીના સંગઠનાત્મક નેતૃત્વ હેઠળ લડશે અને આગામી ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પ્રચંડ જનાદેશ સાથે જીતશે તેવો દ્રઢ વિશ્વાસ ભુપતભાઈ બોદરે વ્યક્ત કર્યો હતો.

## દેહદાન મહાદાન

### અવસાન નોંધ

રાજકોટ: સ્વ.ઠા. સુંદરજીભાઈ દેવજીભાઈ કેશરીયાના પુત્ર વિરેન્દ્રભાઈ (ઉ.વ.૭૬) તે સ્વ.હરકીશભાઈના નાનાભાઈ તથા જીતેન્દ્રભાઈ, કિરીટભાઈ, નરેન્દ્રભાઈના મોટાભાઈ તે દિવ્યાંગ, નંદિતા તથા પુનમના પિતા તથા દિવ્યેશભાઈ છોટાલાલ બલદેવના સસરાનું તા.૧૭ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૧૯ ને ગુરૂવારના રોજ સાંજે ૫ થી ૬, પંચનાથ મંદિર રાજકોટ ખાતે રાખેલ છે.

રાજકોટ: દિપકભાઈ ઠક્કર તે સ્વ.ધીરજલાલ પરસોતમભાઈ ઠક્કરના પુત્ર, કરનભાઈ ઠક્કરના પિતા, તે અરવિંદભાઈ, નલીનીબેન, જયોત્સનાબેન, મીનાબેન, પ્રીતિબેનના ભાઈ તથા ચિરાગ, પૂર્વી અને જયદિપના કાકાનું તા.૧૫ ના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૧૯ ને ગુરૂવારે સાંજે ૪:૩૦ થી ૫:૩૦ શ્રી ગીતા વિદ્યાલય જંકશન રેલવે સ્ટેશન નજીક રાજકોટ ખાતે રાખેલ છે.

# વાંકાનેરના વાંકીયા નજીક ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે એક ઝડપાયો

### અવાર નવાર પકડાતો ઈંગ્લીશ દારૂનો જથ્થો આવે છે ક્યાંથી?

(મયુર ઠાકોર દ્વારા)

વાંકાનેર, તા.૧૮

વાંકાનેર સિટી પોલીસે વાંકીયા ગામે તળાવ નજીક વિદેશી દારૂનો જથ્થો છુપાવી વેચાણ કરવામાં આવતું હોવાની બાતમીને આધારે દરોડો પાડી એક શખ્સને ૨૨૮ બોટલ દારૂના જથ્થા સાથે ઝડપી લીધો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર સીટી પોલીસે વાંકીયા ગામના તળાવ નજીક દરોડો પાડી આરોપી સંજયભાઈ ઉર્ફે ભદુ કાળુભાઇ માનસૂરિયા નામના શખ્સના કબ્જામાંથી મેકડોવેલ બ્રાન્ડ વિદેશી દારૂની ૨૦૪ બોટલ, રોયલ ચેલેન્જ બ્રાન્ડ દારૂની ૨૪ બોટલ તેમજ એક મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૫૦૦ સહિત કુલ રૂપિયા ૮૯,૪૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી વિરૂધ્ધ પ્રોહીબિશન એક્ટ અન્વયે કાર્યવાહી કરી હતી.

પરંતુ સવાલ એક સવાલ ઉદ્દભવ થાય છે કે આ ઈંગ્લીશ દારૂ કાઈ પ્લેન મારફતે તો આવતો નહીં હોય ત્યારે આટલો મોટા ઈંગ્લીશ દારૂના જથ્થા અવાર નવાર પોલીસ ઝડપી પાડે છે તો આટલા મોટા દારૂના જથ્થા શહેરમાં ઘૂસે છે કઈ રીતે એના પરથી પોલીસ પેટ્રોલીંગ પર અનેક સવાલો ઉભા થાય છે.

# કોળી સમાજ દ્વારા ઈષ્ટદેવ માંધાતાનો પ્રાગટ્ય ઉત્સવ ઉજવ્યો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

કોળી સમાજ દ્વારા કોળી સમાજના ઇષ્ટદેવ માંધાતાનો પ્રાગટ્ય ઉત્સવ ભવ્ય શોભાયાત્રા દ્વારા મોહનભાઈ સરવૈયા હોલ, ૮૦ ફૂટ રોડ ચોકડી, ભાવનગર રોડ ખાતેથી યોજવામાં આવેલ.

આ પ્રસંગે સાંસદ મોહનભાઈ કુંડારિયા, મેયર ડો. પ્રદીપભાઈ ડવ, ધારાસભ્ય-૬૯ ડો.દર્શિતાબેન શાહ, શહેર પ્રમુખ કમલેશભાઈ મિરાણી, શહેર મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, ગત તા.૧૩ ના રોજ સાંજે ૭ કલાકે કોળી સમાજને પ્રોત્સાહન આપવા માટે ખાસ ઉપસ્થિત રહેલ હતા.

વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડએ ખાસ ઉપસ્થિત રહીને સમાજને પ્રોત્સાહન તથા માર્ગદર્શન આપેલ. કોળી સમાજ વ્યસન મુક્તિનો સંકલ્પ લ્યે, શિક્ષણમાં આગળ વધે, અને સમાજના લોકોને જરૂરી માર્ગદર્શન આપે તે ઉમદા હેતુસર ગત તા.૧૪ના રોજ મહારેલીનું આયોજન સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું.

કે.ડી.ચોકમાં સંત કબીર રોડ વિધાનસભા-૬૮ના કોર્પોરેટરો, કાર્યકર્તા, સંગઠનના હોદેદારો દ્વારા ભવ્યાતિભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેબિનેટ મંત્રી કુંવરજીબાઈ બાવળિયા પણ ઉપસ્થિત રહેલ. આ તકે સમગ્ર કોળી સમાજ દ્વારા પદાધિકારીઓના ખુબ ખુબ આભાર વ્યકત કરેલ છે. આ પ્રસંગે વોર્ડ નં.૬ના કોળી સમાજના કોર્પોરેટર માર્કેટ સમિતિના ચેરમેન દેવુબેન મનસુખભાઈ જાદવએ બધાનો આભાર વ્યક્ત કરેલ. તેમ જણાવ્યું છે.

# પોરબંદર રીક્ષા ચાલકનો મૃતદેહ મળ્યો હત્યા થઈ હોવાની આશંકા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૮

પોરબંદરના રીલાયન્સ ફુવારા સર્કલ પાસે રહેતા રમેશભાઈ ત્રિભુવનભાઈ કણઝારા (ઉ.વ. ૫૮) નો મૃતદેહ એસ.ટી. ડેપો પાસેની ભંગારબજારમાં લોહીલુહાણ હાલતમાં પડયો હોવાની માહિતી મળતા પોલીસ તાત્કાલીક ઘટનાસ્થળે દોડી ગઈ હતી પોલીસના આપેલા નિવેદમાં જયેશ સોલંકીએ જણાવ્યું હતું કે મૃતક રમેશભાઈ રીક્ષા ચલાવતા હતા. ગતરાત્રે રમેશભાઈ કણઝારાને કોઈ વ્યકિત સાથે માથાકુટ થઇ હતી. આ રીતે તેની હત્યા કરી નાખવામાં આવી હોય તેવી આશંકા વ્યકત કરી છે. પોલીસ દ્વારા મૃતદેહનો કબ્જો લઇને પોસ્ટમોટમ માટે પહોંચાડવામાં આવ્યો હતી અને મરણજનરના જમાઈ દ્વારા થયેલા આક્ષેપ પ્રમાણે આ હત્યા કારણ શું છે? તે અંગેની પોલીસે દ્વારા આગળની તપાસ હાથ ધરી છે.



### ધોરણ ૯ થી ૧૨ ધોરણના વિદ્યાર્થીઓ ભાગ લેશે

# તા.૨૦ જાન્યુઆરી સુધી રાજ્યની શાળાઓમાં કલા તેમજ ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવશે : ખાચરીયા, રામાણી, ચાવડા, ચાંગેલા

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
Web: www.saurashtrakranti.com
saurashtrakranti


# રાજકોટની જાનની બસને ધારી નજીક અકસ્માતઃ ૨૫ લોકો ઘાયલ





## ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડાયા

(મિલાપ રૂપારેલીયા દ્વારા)
અમરેલી, તા.૧૮

રાજકોટ ગામેથી અમરેલી જિલ્લાના ધારી તાલુકાના આંબરડી ગામે આવી રહેલ એક જાનની બસના ચાલકે કોઈપણ કારણોસર સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી દેતા બસમાં બેઠેલા ૨૧ થી પણ વધુ લોકોને નાની મોટી ઈજાઓ થવા પામેલ છે. જેમાંથી કેટલાંક લોકોને ગંભીર ઈજાઓ થતાં અમરેલીના સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા છે. આ બનાવની જાણ થતાં સેવાભાવી આગેવાનો રાજકીય આગેવાન ઘટના સ્થળે દોડી ગયા હતા. અને ઘવાયેલ લોકોને સારવાર માટે જરૂરી વ્યવસ્થાઓ કરી આપી હતી.

આ બનાવમાં સૂત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટ ગામે રહેતા એક સોલંકી પરિવાર રાજકોટથી ત્રણ જેટલી ખાનગી બસમાં જાન લઈ ધારી નજીક આવેલ આંબરડી ગામે આવી રહ્યા હતા. ત્યારે આજે સવારે કોઈ કારણોસર એક ખાનગી બસના ચાલકે સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી દેતા આંબરડી ગામ નજીક જ બસ પલટી મારી જતા બસમાં બેઠેલ જાનૈયાઓને નાની-મોટી ઈજાઓ થવા પામેલ છે. જેમાં પ્રથમ ઘવાયેલ જાનૈયાઓને ધારી દવાખાને તેમાંથી કેટલાંક લોકોને વધુ ઈજાઓ થતાં અમરેલી દવાખાને ખસેડવામાં આવ્યા છે.

આ બનાવ અંગે હજુ સુધી કોઈ જ પોલીસ ફરિયાદ નોંધાવેલ ન હોય વધુ વિગતો જોવાઈ રહી છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
ADVERSITING HERE
ઘરે બેઠા મિનિટોમાં વ્હોટ્સએપ દ્વારા આપની ટ્યૂકડી જાહેરાત પ્રસિધ્ધ કરાવો
એક લાઈનના 5 Rs.
+5%GST
મિનીમમ ૫ લાઈન ફરજીયાત
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

# રાજકોટમાં વિદ્યાર્થીનીના મોત માટે કલેકટરેટ, ડીઈઓ તંત્ર અને શાળા સંચાલકો જવાબદાર

### શહેર કોંગ્રેસનો ગંભીર આક્ષેપ, કોલ્ડવેવની આગાહી છતાં સરકારી તંત્ર મોડે મોડે જાગ્યું અને વિદ્યાર્થીનીનો ભોગ લેવાયો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

રાજકોટમાં ગોંડલ રોડ પર આવેલી જસાણી સ્કૂલમાં મંગળવારે ધો.૮ ની એક વિદ્યાર્થીનીનું કડકડતી ઠંડીને કારણે મોત થયા અંગેની ઘટના વિશે કોંગ્રેસે ઘેરું દુઃખ વ્યક્ત કર્યું છે અને એવો ગંભીર આક્ષેપ કર્યો છે કે, વિદ્યાર્થીનીના મોત માટે કલેકટરેટ, ડીઈઓ તંત્ર તથા સ્કૂલ મેનેજમેન્ટ જવાબદાર છે.

### શાળામાં ડ્રેસ બાબત મનમાની ચાલુ રહેશે તો હલ્લાબોલ કરવા કોંગ્રેસની ચેતવણી

કોંગ્રેસના પ્રવક્તા અને વિદ્યાર્થી નેતા રોહિતસિંહ રાજપૂતે એક નિવેદનમાં સ્પષ્ટ આક્ષેપ કર્યો હતો કે, આવી આકરી ઠંડીમાં સ્કૂલનો વહેલો સમય અને સ્કૂલનું જ સ્વેટર ફરજીયાત પહેરવાના નિયમને લીધે અમે અમારું બાળક ગુમાવ્યું છે. એવો વાલીઓએ વસવસો વ્યક્ત કર્યો છે. તેનો અર્થ એ થયો કે, કલેકટર તંત્ર, જિલ્લા શિક્ષણાધિકારી તથા સ્કૂલ મેનેજમેન્ટ જ બાળકીના મોત માટે જવાબદાર છે.

કોંગ્રેસના નેતાએ સ્પષ્ટ જણાવ્યું છે કે, જો સરકારી તંત્રએ કોલ્ડવેવની આગાહી સમયે જ શાળાના સમયમાં ફેરફાર અને તેનો અમલ શાળાઓ કરે છે કે નહીં તેના પર ધ્યાન આપ્યું હોત તો આ બાળા આજે કદાચ હયાત હોત. રાજકોટની અનેક ખાનગી સ્કૂલો, પ્રિસ્કૂલો અને કોલેજો કાતિલ ઠંડીમાં પણ પોતાની મનમાની ચલાવીને ડ્રેસકોડ અને સમય બાબતે બાળકોને મજબુર બનાવી એમને મૂંગામોઢે ત્રાસ સહન કરવાની ફરજ પાડે છે તે શરમજનક છે. સરકારે ડીઈઓ પાસે રીપોર્ટ મંગાવવાનું નાટક કરીને વાલીઓને ગેરમાર્ગે દોરવાને બદલે તપાસ કમિટી રચી જવાબદારો સામે પોલીસ ફરિયાદ દાખલ કરવી જોઈએ. એવી માંગણી તેમણે કરી હતી અને જણાવ્યું હતું કે, આવું થશે તો જ ભવિષ્યમાં આવી ઘટનાઓ બનતી અટકશે. ઠંડીમાં સ્કૂલનો સમય અને ડ્રેસકોડ બાબતે સ્કૂલ સંચાલકો મનમાની કરતા હશે તો આવી સંસ્થાઓ પર હલ્લાબોલ કરવામાં આવશે. એવી તેમણે ચીમકી આપી હતી.(૨.૧૨)

### પાંચ લાખ સુધીની આવક કરમુક્ત કરવા કેન્દ્ર સરકારની વિચારણા

# કરવેરાના હાલના સ્લેબમાં ફેરફાર થાય તેવી શક્યતા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

દેશના કરદાતા નાગરિકો માટે ખુશીના સમાચાર છે કે, હવે પાંચ લાખ સુધીની આવક કરમુક્ત કરવા કેન્દ્ર સરકાર વિચારણા કરી રહી છે.

કેન્દ્ર સરકાર વોલન્ટરી ઇન્કમટેક્ષ ફ્રેમવર્કમાં ફેરફાર કરવાનો વિચાર કરી રહી છે. આ માટે કરવેરાના હાલના સ્લેબમાં ફેરફાર થાય તેવી શક્યતા છે.સરકારી સૂત્રોના મતે, આ અંગે અંતિમ નિર્ણય વડાપ્રધાન કાર્યાલય કરશે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વિમલ જૈનના મતે, વોલન્ટરી ઇન્કમ ટેક્સ ફ્રેમવર્ક હેઠળ હાલ વાર્ષિક રૂ. ૨.૫ લાખ સુધીની આવક સંપૂર્ણ કરમુક્ત છે. વિવિધ કપાત પછી વાર્ષિક રૂ. પાંચ લાખ સુધીની આવક કરમુક્ત થાય છે. આગામી બજેટમાં સરકાર રૂ.પાંચ લાખ સુધીની વાર્ષિક આવક સંપૂર્ણ કરમુક્ત કરી શકે છે.આ છૂટ મેળવવા માટે કરતાદાઓએ કોઇ રોકાણ કે કર મુક્તિનો ખર્ચ બતાવવાની પણ જરૂર નહીં પડે.જો કોઇ કરદાતાની વાર્ષિક આવક રૂ.૬ લાખ છે,તો તેણે સ્લેબ પ્રમાણે ફક્ત રૂ.એક લાખ પર જ કરવેરો ભરવો પડશે. હાલ જેમની વાર્ષિક આવક ૫ થી ૭.૫૦ લાખ છે તેમણે નવી સ્કીમ હેઠળ ૧૦ ટકા આવકવેરો ચૂકવવાનો હોય છે.નવી સ્કીમમાં ભાડુ તેમજ વીમાના પ્રિમિયમ પર કપાત મળતી નહીં હોવાથી લોકપ્રિય નથી. બે મુખ્ય કારણ એ છે કે, આગામી સામાન્ય ચૂંટણી પહેલાં કેન્દ્રનું આ છેલ્લું બજેટ હશે.સરકાર સામાન્ય કરદાતાઓને મોટી રાહત આપવા ઇચ્છે છે. બીજુ કે, વૈશ્વિક પડકારો વચ્ચે ઘરેલુ અર્થતંત્રમાં માગ વધારવા સામાન્ય લોકોના ખિસ્સામાં વધુ રકમ આપવાની વ્યૂહનીતિ રહેશે.

### જૂની પેન્શન યોજનાથી રાજ્યોની નાણાંકીય સ્થિતિ કથળશે : આરબીઆઇ

રિઝર્વ બેન્કે જૂની પેન્શન યોજના લાગુ કરવા સામે રાજ્ય સરકારોને ચેતવણી આપી છે.આરબીઆઇએ કહ્યું છે તે ઓપીએસ લાગુ કરવાથી રાજ્યોની નાણાંકીય સ્થિતિને લાંબાગાળા માટે ગંભીર નુકસાન પહોંચી શકે છે. રાજસ્થાન,છત્તીસગઢ અને ઝારખંડ સરકારે કેન્દ્ર સરકાર તેમજ પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (પીએફઆરડીએ) સમક્ષ તેમના કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના ફરી શરૂ કરવાનાં તેમના નિર્ણય અંગે માહિતી આપી હતી. આ સરકારોનાં નિર્ણય બાદ કેન્દ્ર સરકાર બાદ હવે આરબીઆઇ દ્વારા રાજ્યોને એલર્ટ કર્યા છે.

# શિયાળામાં સવારની શાળાઓનો સમય એક કલાક મોડો કરવા માંગણી

### રાજકોટ શહેર જિલ્લા વાલી મહામંડળની રાજયના શિક્ષણમંત્રીને લેખિત રજૂઆત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮




રાજકોટ શહેર જિલ્લા વાલી મહામંડળે હાડ ધ્રુજાવતી ઠંડીમાં બાળકોના સ્વસ્થ્ય ખાતર રાજ્યમાં સવારની શાળાઓનો સમય એક કલાક મોડો કરવાનો નિર્ણય લેવા ગુજરાતના શિક્ષણમંત્રીને અનુરોધ કર્યો છે.

મહામંડળના પ્રમુખ એડવોકેટ હિંમતભાઈ લાબડીયા અને ઉપપ્રમુખ ગજેન્દ્રસિંહ ઝાલાએ શિક્ષણમંત્રીને લેખિત રજૂઆત કરી છે કે, હાલ રાજયમાં અસહ્ય ઠંડી પડી રહી છે. હાડ ધ્રુજાવતી ઠંડીમાં ખાસ કરીને સવારની પાળીમાં ચાલતી શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોના સ્વાસ્થ્ય પર વિપરીત અસર થાય છે. ખાસ કરીને પ્રાથમિક શાળાઓના બાળકોના સ્વસ્થ્ય પર ખુબ જ ગંભીર અસર થાય છે. અમને જાણવા મળ્યા મુજબ એક બાળકીનું કથિત રીતે કદાચ ઠંડીને કારણે રાજકોટમાં મૃત્યુ થયું છે. રાજ્યમાં ઘણા વિદ્યાર્થીઓ અને વાલીઓ અસહ્ય ઠંડીનો સામનો કરી રહ્યા છે. વિદ્યાર્થીઓ અને એમને શાળાએ તેડવા- મુકવા જતા વાલીઓનું સ્વસ્થ્ય બગડી જાય એવી સ્થિતિ સર્જાઈ છે. સવારની શાળાઓમાં ગેરહાજરીનું પ્રમાણ પણ વધી રહ્યું છે.

આકરી ઠંડીને ધ્યાનમાં લઇ વિદ્યાર્થીઓ અને વાલીઓના વિશાળ હિતમાં રાજ્યમાં સવારની પાળીમાં ચાલતી તમામ શાળાઓનો સમય એક કલાક મોડો કરવાનો હુકમ બહાર પાડવા વાલી મહામંડળે શિક્ષણમંત્રીને હાર્દિક અપીલ કરી હતી.(૨.૧૨)

### ભારત વિકાસ પરિષદ પોરબંદર શાખા દ્વારા સંક્રાંતિ નિમિતે

# જવાહર નવોદય વિદ્યાલય પોરબંદરના વિદ્યાર્થીઓ સાથે પતંગોત્સવની ભવ્ય ઉજવણી




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
પોરબંદર, તા.૧૮

ભારત વિકાસ પરિષદ પોરબંદર શાખા દ્વારા મકર સંક્રાંતિ નિમિતે જવાહર નવોદય વિદ્યાલય પોરબંદરમાં વિદ્યાર્થીઓ સાથે પતંગોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

૧૬૦ વિદ્યાર્થીએ સૌ પ્રથમ સૂર્ય નમસ્કાર કરીને મંત્રમુગ્ધ કરેલા હતા. વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં વિજેતા પોરબંદર ટીમ બની માટે શાખાના પ્રમુખ કમલેશભાઈ, મંત્રી નિધિ શાહ, કોષાધ્યક્ષ હરદતભાઈ ગોસ્વામી અને જવાહર નવોદય વિદ્યાલય પોરબંદરના પ્રાચાર્યઁ શ્રી રામેશ્વર લાલ કુમાવત એ સન્માનપત્ર આપી ચેમ્પિયન ટીમને વધાવી હતી.

આ પ્રસંગે ભારત વિકાસ ટીમ પોરબંદર શાખાના તમામ સભ્યો અને હોદ્દેદારો પણ હાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓને ભારત વિકાસ પરિષદ પોરબંદર શાખા તરફથી પતંગ દોરાનું વિતરણ કરવમાં આવ્યું હતું.

# ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે પુનઃનિયુક્ત થયેલા જે.પી.નડ્ડાને શુભેચ્છા પાઠવતા રામભાઈ મોકરીયા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાની પક્ષના અધ્યક્ષ તરીકે ફરીવાર નિયુકિત થતાં રાજ્યસભાના સાંસદ રામભાઇ મોકરીયાએ જે.પી.નડ્ડાને દિલ્હી ખાતે રૂબરૂ મળી શુભેચ્છાઓ પાઠવી હતી. તેમના વડપણ હેઠળ ૨૦૨૪ માં નરેન્દ્રભાઇ મોદી ફરીવાર વડાપ્રધાન તરીકે આરૂઢ થાય એવો આશાવાદ વ્યકત કર્યો હતો.

# ગુમ થનાર યુવતીને શોધી કાઢતી કુતિયાણા પોલીસ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
પોરબંદર, તા.૧૮

કુતિયાણા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ એ.એ.મકવાણા તથા સ્ટાફના માણસો પો.હેડકોન્સ આર.જે.રાડા તથા પો.કોન્સ. અશોકભાઇ જાડેજા કુતિયાણા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન હકીકત મળેલ કે બાવનભાઇ ભાદરકા રહે. ગોકરણ વાળાને ત્યાં એક અજાણી મહિલા હોય જેથી તપાસ કરતા જાણવા મળેલ કે બહેન જેનું નામ પુછતા પોતાનું નામ હેતલબા વા/ઓ ચેતનસિંહ વાઘેલા (ઉ.વ.૨૮) રહે. બળીયાદેવના મંદીરપાસે કાણેટીગામ તા. સાણંદ જી. અમદાવાદ વાળી હોવાનું જણાવેલ અને તપાસ કરતા જાણવા મળેલ કે સાણંદ પોલીસ સ્ટેશન ખાતે ગુમ નોંધાયેલ હોય જે અંગે આગળની કાર્યવાહી કરવા સારૂ સાણંદ પોલીસ સ્ટેશન જી.અમદાવાદ ખાતે જાણ કરેલ છે.(૪)

ઓફીસ ભાડે આપવાની છે
ગોડલ રોડ પર, રામ ચેમ્બર્સ, પહેલો માળ, ફનિચર સાથે ઓફીસ ભાડે આપવાની છે. ભાડુ રૂ.૬૦૦૦
સંપર્કઃ ૯૮૨૫૩ ૧૭૬૦૭

# શહેરના વિકાસ માટે જનતાનો અભિપ્રાય લેવાની કવાયત, સિટીઝન પરસેપ્શન સર્વેમાં ભાગ લેવા જાહેર જનતાને મ્યુ.કમિશનરની અપીલ

### ભારત સરકારના મિશન મુજબ નાગરીકો પાસેથી પ્રાપ્ત અભિપ્રાય મુજબ વિકાસનું આયોજન કરાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧૮








ભારત સરકારના અર્બન આઉટકમ મિશન ૨૦૨૨ અંતર્ગત સિટિઝન પરસેપ્શન સર્વેનું આયોજન કરવામાં આવેલ છે. આ સર્વે વેબસાઈટના માધ્યમથી હાથ ધરવામાં આવેલ છે. આ સર્વેમાં નાગરિકો પાસેથી પ્રાપ્ત થનાર અભિપ્રાય શહેરના ભાવિ વિકાસ માટે ખુબ જ મૂલ્યવાન બની શકશે, તેમ મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરાએ જણાવ્યું હતું.

તેમણે વિશેષમાં એમ જણાવ્યું હતું કે, આ સર્વેનો હેતુ શહેરીજનોને મળતી સુવિધાઓ તેમજ અસુવિધાઓનો અંદાજ મેળવવાનો છે. આ સર્વેના પરિણામો ભવિષ્યમાં આવનારી પરિયોજનાઓનો પાયો બની શકે એમ હોય તમામ નાગરિકો આ સર્વેમાં ભાગ લઇ પોતાની નાગરિક ફરજ નિભાવે તે રાજકોટના વિકાસના હિતમાં છે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

આ સર્વેમાં પૂછવામાં આવતા દરેક પ્રશ્નોના જવાબ ચોક્કસપણે સચોટ આપવા તમામ શહેરીજનોને મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરા દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.

આ સર્વેમાં ભાગ લેવા માટે નાગરિકો પોતાના મોબાઈલ ફોન વડે ક્યુઆર કોડ સ્કેન કરી અથવા વેબસાઈટ https://eol2022.org/CitizenFeedback પર જઈ પોતાનું શહેર કેવું લાગે તે અંગેનો પોતાનો અભિપ્રાય આપી શકશે. ત્યારબાદ નાગરિકોએ રાજકોટ મહાનગરપાલિકાનો યુએલબી (ULB) કોડ ૮૦૨૫૦૧ એન્ટર કરવાનો રહેશે. આ સર્વે તા.૩૧-૧-૨૦૨૩ સુધી ચાલશે. તેમ જણાવ્યું છે.(૧.૧૨)

# રાજકોટની શાળાઓના સમયમાં ફેરફાર, સવારના ૮ થી શરૂ કરવા આદેશ





## જો નિયમનો કે સુચનાનો ભંગ કરાશે તો શાળા વિરૂધ્ધ એફઆઈઆર દાખલ કરાશેઃ બી.એસ.કૈલા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૮

રાજકોટમાં મંગળવારે જસાણી શાળામાં ચાલુ કલાસમાં એક વિદ્યાર્થીનીનું ઠંડીને કારણે મૃત્યુ થયું હોવાની ઘટના બાદ અચાનક રાજ્ય સરકાર તરફથી થયેલા દબાણને કારણે અને વાલીવર્ગમાં મચેલી બુમરાણને પગલે રાજકોટમાં શાળાઓનો સમય મોડો કરવાની ડીઈઓ તંત્રને ફરજ પડી છે. રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી બી.એસ.કૈલાએ તમામ શાળાઓને સવારનો સમય ફરજીયાતપણે ૮ વાગ્યાનો કરવા સુચના આપી છે. જેનો અમલ ૨૬મી જાન્યુઆરી સુધી રહેશે અને ત્યારબાદ હવામાનની પરિસ્થિતિ મુજબ નિર્ણય લેવાશે અને જરૂર પડે તો સમય બદલવાનો નિર્ણય પણ લેવામાં આવશે.

દરમ્યાન જસાણી શાળામાં સવારે શાળાએ પહોંચેલી ધો.૮ ની ૧૬ વર્ષની વિદ્યાર્થીની વર્ગમાં ઢળી પડતા તેને દવાખાને ખસેડવામાં આવી હતી. પરંતુ સારવાર મળે તે પહેલા તેનું મૃત્યુ થતા ખળભળાટ મચી ગયો હતો. આ વિદ્યાર્થીનીનું કડકડતી ઠંડીને કારણે હૃદયરોગનો હુમલો આવવાથી મૃત્યુ થયું હોવાનું પ્રાથમિક તબીબી તપાસમાં જાહેર થયું છે. આ ઘટનાના ઘેરા પડઘા પડ્યા છે. રાજ્ય સરકારે પણ તેની ગંભીર નોંધ લીધી છે. રાજ્ય સરકારે વિદ્યાર્થીનીના મોત અંગે રાજકોટ ડીઈઓ પાસેથી તાકીદે રીપોર્ટ મંગાવ્યો છે. જેના પગલે ડીઈઓ કચેરીમાં પણ હડકંપ મચી ગયો છે.

આજે એક ખાસ પરિપત્ર બહાર

### જસાણી શાળામાં ધો.૮ની વિદ્યાર્થીનીના મોત અંગે રાજ્ય સરકારે અહેવાલ મંગાવતા ડીઈઓ તંત્રમાં દોડધામ

પાડીને જિલ્લા શિક્ષણાધિકારીએ સવારની પાળીની તમામ શાળાઓનો સમય સવારે ૮ વાગ્યાનો કરવા માટે સુચના આપી છે. ડીઈઓ કૈલાએ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, આ નિયમનો જે ભંગ કરશે એ શાળા વિરૂધ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવશે. સમયમાં ફેરફારનો પરિપત્ર ૨૬ મી જાન્યુઆરી સુધી અમલમાં રહેશે. એ પછી જો જરૂર પડ્યે તો આ નિયમને લંબાવવામાં પણ આવશે.

બીમાર અને અશક્ત લાગતા હોય તેવા બાળકોને શાળાએ ન મોકલવા ડીઈઓએ વાલીઓને પણ અનુરોધ કર્યો છે. તેમણે જણાવ્યું હતુ કે, શાળાના સમયમાં ફેરફાર કરવા માટે ગત ૨ જાન્યુઆરીના રોજ સુચના આપવામાં આવી હતી. આચાર્ય અને શાળા સંચાલકોને લાગે તો સમયમાં ફેરફાર કરવાની છૂટ આપવામાં આવી હતી. પરંતુ એ સમયે અપાયેલા પરિપત્રમાં ફરજીયાત શબ્દનો ઉલ્લેખ ન હતો. ગઈકાલે બનેલી ઘટના બાદ

(અનુ.પાના નં.૪ ઉપર)

### ફરજીયાત શબ્દ ન લખાયો હોય તો પણ શાળા સંચાલકોને કપરા હવામાનની ગંભીરતા સમજવાની બુધ્ધી નથી?

રાજકોટઃ રાજકોટમાં મંગળવારે જસાણી શાળામાં એક બાળા ઠંડીને કારણે ઢળી પડી અને એકાએક ઠંડીથી હૃદયરોગનો હુમલો થતા તેનું મૃત્યુ થયાની ઘટનાએ શાળાઓના સમય બાબતમાં અને શાળા સંચાલકોની નીતિરીતી બાબતમાં શહેરીજનોમાં ભારે ચર્ચાઓ થઇ રહી છે. આજે જિલ્લા શિક્ષણાધિકારીએ જે એકવાતનો ખુલાસો કર્યો તેનાથી મામલો વધુ ગૂંચવાયો છે અને તંત્રની નીતિ-રીતી તેમજ વહીવટી પધ્ધતિ સામે અનેક પ્રશ્નાર્થ ઉભા થઇ ગયા છે. જિલ્લા શિક્ષણાધિકારીએ એવો ખુલાસો કર્યો કે, ગત બીજી જાન્યુઆરીએ શાળાઓને સમય બદલવા માટે સુચના આપવામાં આવી હતી પણ એ પરિપત્રમાં ફરજીયાત શબ્દ ઉમેરવામાં આવ્યો ન હતો. હવે આ ખુલાસાનો અર્થ શું સમજવો? ફરજીયાત શબ્દ ન હતો એટલે શાળા સંચાલકોએ પરિપત્રનો ઉલાળિયો કર્યો? શું ફરજીયાત શબ્દ હોય તો જ શાળા સંચાલકો અમલ કરે છે? શું એમને હવામાન અને કઠીન વાતાવરણની અનુભૂતિ થતી નથી? જો સરકારી પરિપત્રમાં કદાચ ફરજીયાત શબ્દ ન હોય તો પણ આકરી ઠંડીમાં વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લેવાની શાળા સંચાલકોને સુજ પડતી નથી? એટલે આ ખુલાસાએ શહેરજનોને વધુ વિચાર કરતા કરી મુક્યા છે અને આપણા વહીવટીતંત્રના વિભાગો કેવું કામ કરે છે અને શાળા સંચાલકોએ પણ કેવી ઘોર ગંભીર બેદરકારી દર્શાવી છે તેનું ઉદાહરણ આ ઘણા પૂરી પાડે છે.(૨.૧૨)

### વલસાડમાં રાજકોટ જેવી ઘટનાથી અરેરાટીઃ આર્ટસ કોલેજમાં અચાનક ઢળી પડતા વિદ્યાર્થીનું મોત

રાજકોટઃ રાજકોટની શાળામાં ગઈકાલે બનેલી કરૂણ ઘટના જેવી ઘટના વલસાડની આર્ટસ કોલેજમાં બનતા ભારે અરેરાટી પ્રસરી છે. આજે સવારે આર્ટસ કોલેજમાં ચાલુ કલાસે અચાનક ઢળી પડતા આકાશ પટેલ નામના એક વિદ્યાર્થીનું મૃત્યુ થયું હતું. દવાખાને લઇ જવાય એ પહેલા વિદ્યાર્થીનું મૃત્યુ થતા ભારે ગમગીની પ્રસરી હતી. વિદ્યાર્થીનું મૃત્યુ ઠંડીથી થયું કે અન્ય કોઈ કારણ છે એ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.(૨.૧૨)

# ચૂંટણી કાર્ડ સાથે આધાર લિંક કરવા આરંભાઈ મહાઝુંબેશ



### દર મહિનાના પ્રથમ રવિવારે યોજાશે ખાસ કાર્યક્રમો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૮

ભારતીય ચૂંટણી પંચની સુચના મુજબ મતદારોના ચૂંટણી કાર્ડને આધાર કાર્ડ સાથે જોડવાના અભિયાન અન્વેયે મતદારોને તેમના ચૂંટણી કાર્ડ સાથે આધાર કાર્ડની વિગતો જોડવા માટે મહિનાના પ્રથમ રવિવારે ખાસ ઝુંબેશ યોજવામાં આવશે.

કોઈપણ વ્યક્તિ બે સ્થાન પર મતદાન ન કરે અને મતદારોની યાદીને સ્વચ્છ અને પારદર્શી બનાવી શકાય તેવા શુભાશય સાથે આ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

મુખ્ય નિર્વાચન અધિકારીની સૂચના અનુસાર આગામી તા.૩૧/૦૩/૨૦૨૩ સુધીમા આધાર લિંકની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરવા માટે વિધાનસભાના તમામ બુથ લેવલ ઓફિસરો તેમના વિસ્તારમાં ફરીને આધારકાર્ડની વિગતો મેળવી ગરૂડા એપ્લીકેશન મારફત એન્ટ્રી કરી લેવાની રહેશે.જેનું નિરીક્ષણ તમામ ઝોનલ ઓફિસરએ કરવાનું રહેશે.

ઉલ્લેખનીય છે કે,બુથ લેવલ ઓફિસરો મતદારોને આધારકાર્ડ લિંક કરાવવા માટે જરૂરી સમજ આપી સ્વૈચ્છાએ આધાર નંબર ફોર્મ ૬-ખ માટે વિગતો આપવા માર્ગદર્શન આપશે. દરેક બુથ લેવલ ઓફિસરોએ તેમના ભાગના મતદારોનો આ બાબતે રૂબરૂ સંપર્ક કરી મતદારયાદીમાં મતદારનો સંપર્ક કર્યા બદલની સહી પણ મેળવશે, તેમ રાજકોટ પશ્ચિમના પ્રાંત અધિકારી અને મતદાર નોંધણી અધિકારી સંદીપકુમાર વર્માની યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

જાંબાજ જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરીની કડક કાર્યવાહીથી તંત્રમાં સોપોઃ જિલ્લા પંચાયતના ઇતિહાસમાં પ્રથમ ઘટના

# રાજકોટ જિ.પંચા.ના કલાસ વન ઓફિસર હુકમનું પાલન નહિ કરતા સરકારમાં પરત

### આરસીએચઓ અમારૂ માનતા નથી અને કોઈ કામ કરતા નથી તેવો સરકારમાં ધગધગતો રિપોર્ટ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૮

રાજકોટ જિલ્લા પંચાયતના એક કલાસ વન ઓફિસરને હુકમનું પાલન નહિ કરતા સરકારમાં પરત મોકલાયા હોવાનું જાણવા મળેલ છે. જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરીએ કડક કાર્યવાહી હાથ ધરી હતી. જિલ્લા પંચાયતના ઇતિહાસમાં આવી પ્રથમ ઘટના બનવા પામી હતી.આરસીએચઓ અમારૂ માનતા નથી અને કોઈ કામ કરતા નથી તેવો સરકારમાં ધગધગતો રિપોર્ટ આપતા જિલ્લા પંચાયતમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. રાજકોટ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગમાં રીપ્રોડકિટવ ચાઈલ્ડ હેલ્થ ઓફિસર (આરસીએચઓ) તરીકે ફરજ બજાવતા કલાસ વન ઓફિસર આર.વી.પટેલને જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરીએ સરકારમાં પરત મોકલવાનો હુંકમ કરીને તેનો એક તરફી અમલ કરી દેતા જિલ્લા પંચાયતમાં સોપો પડી ગયો છે.

અત્યાર સુધીના ઇતિહાસમાં જિલ્લા પંચાયતમાં આવી ઘટના બની નથી.સામાન્ય રીતે કોઈ અધિકારીને સામે વ્યાપક ફરિયાદ હોય તો ચૂંટાયેલા સભ્યો સામાન્ય સભામાં આવા અધિકારીને સરકારમાં પરત મોકલવાનો ઠરાવ બહુમતીથી અથવા તો સર્વાનુમતે કરતા હોય છે. પરંતુ

(અનુ.પાના નં.૪ ઉપર)

### જામનગરમાં પણ આ અધિકારી સામે દારૂ પીને દંગલ કરવા જેવી ફરિયાદો

રાજકોટઃ જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરીનો સંપર્ક સાધતા તેમણે જણાવ્યું હતું કે મેં આ અધિકારીને સરકારમાં પરત મોકલી દીધા છે અને નવા અધિકારી માટે માગણી પણ કરી દીધી છે.જિલ્લા વિકાસ અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે,આ અધિકારીને મિટિંગમાં હાજર રહેવા અને કામગીરી સંદર્ભે અનેક વખત સૂચના આપવામાં આવી હતી. પરંતુ એક પણ સૂચનાનું પાલન કર્યું નથી.જો જિલ્લા વિકાસ અધિકારીનો હુકમ માનવામાં ન આવે તો સમગ્ર સિસ્ટમ પડી ભાંગે અને તેથી મેં આ પગલું લીધું છે.જિલ્લા વિકાસ અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે, જામનગરમાં આ અધિકારી હતા ત્યારે ત્યાં દારૂ પીને કપડાં કાઢી નાખવા જેવી ઘટનામાં તે વિવાદમાં આવ્યા હતા.ખીરસરામાં પણ સ્ટાફ સાથે ગેરવર્તન કયુ હતું.આ બધી બાબતનો ખ્યાલ હોવા છતાં તેની રાજકોટમાં બદલી કરવામાં આવી ત્યારે અમે સરકારનું ધ્યાન દોર્યું હતું અને આ અધિકારીને વધુ એક તક આપી હતી. પરંતુ તેના વાણી વર્તનમાં કોઈ ફેરફાર ન થતા આ કાર્યવાહી કરવી પડી છે.

# રાજકોટ પોલીસ આયોજિત માર્ગ સલામતી સપ્તાહ સમાપન સમારોહમાં પાંખી હાજરીથી સર્જાતું આશ્ચર્ય



### શું આમંત્રણ મોકલવામાં મોડું થયું કે ભુલાઈ ગયું? અનેક સવાલોની પોલીસ બેડામાં ભારે ચર્ચા

રાજકોટ, તા.૧૮

રાજકોટમાં શહેર પોલીસ દ્વારા યોજવામાં આવેલા ૩૩ માં માર્ગ સલામતી સપ્તાહનો સમાપન સમારંભ રાજકોટના જાણીતા હેમુગઢવી હોલમાં યોજવામાં આવ્યો હતો. ટ્રાફિકની સુરક્ષા જેવા મહત્વપૂર્ણ મુદ્દા પર યોજાયેલા આ કાર્યક્રમમાં ખૂબ જ પાંખી હાજરીને કારણે અનેક સવાલો સર્જાયા છે. આયોજનની ખામી અંગે અથવા તો આમંત્રણ મોકલવામાં મોડું-વહેલું થયા અંગેનો મુદ્દો સમગ્ર પોલીસ બેડામાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે. જાણવા મળ્યા મુજબ શહેરના મેયર અને ધારાસભ્યો સહિતના પ્રતિષ્ઠિત મહેમાનો તથા ઉચ્ચ પોલીસ અધિકારીઓની હાજરીમાં ખુબ જ ઓછી સંખ્યામાં આમંત્રિતો જોવા મળતા ખૂબ જ આશ્ચર્ય સર્જાયું હતું અને કેટલાક મહેમાનો રીતસર અકળાઈ ઉઠયાની ચર્ચા પણ સંભળાઈ રહી છે.

તા.૧૭ ને મંગળવારે હેમુગઢવી હોલમાં સાંજે ૪:૩૦ વાગ્યે સમાપન સમારોહ યોજાયો હતો. શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ અને નાયબ પોલીસ કમિશનર ટ્રાફિક પૂજા યાદવ દ્વારા સમાપન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.

મુખ્ય મહેમાન તરીકે મેયર ડો.પ્રદીપ ડવ, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુ અને મ્યુ.કમિશનર અમિત અરોરા ઉપસ્થિત રહ્યા હતા. તમામ મહેમાનો મંચ પર બિરાજમાન થઇ ગયા છતાં હોલમાં ખૂબ જ પાંખી હાજરી જોવા મળી હતી એ માટે અનેક કારણ ચર્ચાઈ રહ્યા છે. કહેવાય છે કે, અધિકારીઓને પણ કાર્યક્રમ અંગે ઘણી મોડી જાણ થઇ હતી અને મીડિયાને પણ કાર્યક્રમમાં દિવસે થોડા કલાક પહેલા જ જાણ કરવામાં આવી હતી તેમ કહેવાય છે.(૨.૧૨)

# રાજકોટમાં રવિવારે ઈજનેરી સેવા(સિવિલ) વર્ગ ૧-૨ની પરીક્ષા ૧૯ કેન્દ્રો પર લેવાશે

### પરીક્ષા માટે ૪,૩૯૩ ઉમેદવારો નોંધાયાઃ તકેદારી અધિકારી કરાયા નિયુક્ત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૮



ગુજરાત જાહેર સેવા આયોગ(જી.પી.એસ.સી.) દ્વારા આગામી ૨૨ મી જાન્યુઆરીને રવિવારના રોજ,ગુજરાત ઈજનેરી સેવા (સિવિલ) વર્ગ ૧-૨ની પરીક્ષા યોજાનાર છે. રાજકોટમાં આ પરીક્ષા ૧૯ કેન્દ્રો પર લેવાનાર છે. જેના માટે ૪૨૯૩ ઉમેદવારો નોંધાયા છે.

આ પરીક્ષા માટે વિવિધ સ્ટાફની નિયુક્તિ કરવામાં આવી છે.જેમાં દરેક પરીક્ષા કેન્દ્ર પર વર્ગ-૨ કક્ષાના અધિકારીની આયોગના પ્રતિનિધિ તથા તકેદારી અધિકારી તરીકે નિમણૂંક કરવામાં આવી છે. તા.૨૨ મી જાન્યુઆરીના રોજ પેપર-૧ સામાન્ય અભ્યાસનું રહેશે.જેનો સમય સવારે ૧૧.૦૦ થી ૧.૦૦ સુધીનો રહેશે.જ્યારે પેપર-૨ એન્જિનિયરિંગ એપ્ટિટ્યૂડનું રહેશે.જેનો સમય બપોરે ૩.૦૦ થી ૬.૦૦નો રહેશે.

# મનપાએ ગેરકાયદેસર દબાણો-બાંધકામો પર બુલડોઝર ફેરવી ૧૨૯ કરોડની જમીન ખુલ્લી કરાવી





### ટી.પી. સ્કીમ નં.૯માં બે ઓરડી અને ધોળકીયા સ્કૂલ પાછળ ૪૦ અસ્થાયી ઝુપડા દૂર કર્યા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧૮

ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા વેસ્ટ ઝોન કચેરી હેઠળના વિસ્તારમાં ટાઉન પ્લાનિંગ ઓફિસર એમ.ડી.સાગઠીયા માર્ગદર્શન હેઠળ ડિમોલીશન કામગીરી થયેલ હતી. કમિશનર અમીત અરોરાના આદેશાનુસાર ટાઉન પ્લાનિંગ ઓફિસર એમ. ડી. સાગઠીયાના માર્ગદર્શન હેઠળ રાજકોટ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા તા.૧૮ના રોજ ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૯-રાજકોટ(અંતિમ) તથા ૭-નાનામવા (અંતિમ)ના અમલીકરણના ભાગરૂપે તથા રાજકોટ મહાનગરપાલિકાને પ્રાપ્ત થતા અનામત પ્લોટમાં થયેલ ગેરકાયદેસર દબાણ/બાંધકામ દુર કરવા ડિમોલીશન હાથ ધરવામાં આવેલ. જેમાં ૧૭૪૩૩.૦૦ ચો.મી.ની અંદાજીત ૧૨૯ કરોડની જમીન ખુલ્લી કરાવેલ છે.

ટી.પી. સ્કીમ નં.૯-રાજકોટ, અંતિમ ખંડ નં.સી-૭ (વાણીજ્ય વેંચાણ), શીતલ પાર્ક ચોક, વન વર્લ્ડની બાજુમાં, ૧૫૦ રીંગ રોડ, રાજકોટ અને ટી.પી. સ્કીમ નં.૭-નાનામવા, અંતિમ ખંડ નં.૩/૩/એ (રહેણાંક વેંચાણ), ધોળકિયા સ્કુલ પાછળ, રામપાર્કની બાજુમાં, ૧૫૦ રીંગ રોડ, રાજકોટ સ્થળે કરાયેલા આ ડીમોલીશનમાં ટાઉન પ્લાનીંગ શાખા વેસ્ટ ઝોનના આસી. ટાઉન પ્લાનર એમ. આર. મકવાણા, આર. એમ. વાછાણી તથા વેસ્ટ ઝોનનો તમામ ટેકનીકલ સ્ટાફ, જગ્યા રોકાણ શાખાનો સ્ટાફ, રોશની શાખાનો સ્ટાફ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વિજિલન્સનો પોલીસ સ્ટાફ સ્થળ પર હાજર રહેલ.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.